# રેવ. થોમાભાઈ પાથાભાઈ



3.BGR.2

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103



# રેવ. થોમાભાઈ પાથાભાઈ

-: સંપાદક :-

શ્રી ક્લેમેન્ટભાઈ ડાયર્સા

❖ પ્રકાશક ❖


ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવાસદન,
એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬.

પ્રથમ આવૃત્તિ : ૧૯૯૯
નકલ : ૧૧૦૦
કિંમત : ૧૦/- રૂા.

❖ મુદ્રક ❖

સ્કીનડોટ પ્રિન્ટર્સ
એ/૪, દિવ્યવસુંધરા કોમ્પલેક્ષ, મિરઝાપુર કોર્ટ સામે,
મિરઝાપુર, અમદાવાદ - ૧.
ફોન : ૫૬૨૩૭૬૧

# પુસ્તક પ્રકાશન માટે દાન



આ પુસ્તકના પ્રકાશન માટે અમેરિકામાં રહેતા શ્રી ક્રિસ્ટોફર ટર્નર અને તેમનાં પત્ની નિરંજનાબહેન ટર્નર તરફથી રૂા. ૮૦૦૦/- જેવું ઉદાર દાન મળ્યું છે, તે માટે દાતાઓનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ, અને પરમકૃપાળુ ઈશ્વરપિતા તેમના સમગ્ર કુટુંબને તેમના આશિષોથી ભરી દે તેવી પ્રાર્થના છે.

આ દાન મેળવવા માટે અમારી કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી દત્તાનંદ ક્રિશ્ચિયને જે ઉમદા ફાળો આપ્યો છે તેની નોંધ લેતાં આનંદ થાય છે.

**ભગવત પ્રસાદ ચૌહાણ**
**સેક્રેટરી**

## આવકાર

ગુજરાતના બહુ થોડા કવિઓને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ખ્યાતિ મળેલી છે, તેમાં એક નામ રેવ. થોમાભાઈ પાથાભાઈનું પણ સ્વાભાવિક રીતે મૂકવું પડે.

Poets are born and not made - કવિઓ તો જન્મે છે, કોઈ એમને બનાવતું નથી. એ વાત આ સાચુકલા કવિને માટે કોઈ કહે તો સ્વીકારવું પડે.

જંગલમાં જેમ વાંસ ફૂટે અને બીજી વાર ફૂટીને ઊંચો થઈ જાય એવો આ કવિનો વિકાસ લાગે છે. કદાચ, એ સમય જ એવો લાગેછે જેમાં ગુજરાતની ખ્રિસ્તી કવિતા એની સોળે કળાએ મ્હોઁરી ઊઠી એમ દેખાય છે.

રેવ. થોમાભાઈ પાથાભાઈ સ્વાભાવિકતાના કવિ છે. સાથેસાથે એ લાગણીના કવિ પણછે. સ્વાભાવિક રીતે જ એમની કવિતાને શબ્દોની પાંખો ફૂટેછે, અને સહૃદયી ભાવકને તરત જ સ્પર્શે છે. એટલે કદાચ ભજનસંગ્રહના ખ્રિસ્તી ગુજરાતી કવિઓમાં એમનું પ્રદાન ખૂબ મોટું રહ્યું છે.

રેવ. થોમાભાઈ પાથાભાઈ વિષેનું આ પુસ્તક એમના પૌત્ર શ્રી ક્લેમેન્ટભાઈ ડાયસર્આએ તૈયાર કર્યું છે, તેથી તેપણ આપણા અભિનંદનના અધિકારી બને છે.

**ભગવત પ્રસાદ ચૌહાણ**

**સેક્રેટરી**

## મરહૂમ રેવ. થોમાભાઈ પાથાભાઈની જીવન - ઝાંખી

રેવ. થોમાભાઈની જન્મભૂમિ (રાજસ્થાન) મારવાડની મોટી પાલ્લી પાસે આઠ ગાઉ પર કુરણા ગામ છે. ત્યાંની મિયાણા કે મેંણા કોમમાં તેમનો જન્મ થયેલો. સને ૧૮૬૬માં મારવાડમાં દુકાળ પડયો ત્યારે તેઓ અને મરહૂમ લાજરસભાઈ તેજપાળભાઈ અને બીજા છોકરાઓ પોતપોતાનાં સગાંઓ સાથે ડીસા કેમ્પમાં આવ્યા.

આઠેક દિવસ કેમ્પમાં રહ્યા પછી કર્નલ સાહેબે ગાડામાં બેસાડી, પૂરી સંભાળ સાથે અમદાવાદ મોકલ્યા. તે સમયે અમદાવાદમાં મિશન હાઉસ ન હતું, પણ ટી.એલ.વેલ્સ સાહેબે એક પારસીનો બંગલો ભાડે રાખી તેમાં રહેતા. તેમની પાસે મરહૂમ રેવ. રામભાઈ કલ્યાણ ઉપદેશક હતા. ત્યાં તેઓ બે દિવસ રહ્યા.

ત્યાર બાદ બોરસદથી રે સાહેબના મોકલવાથી હયાતખાં ડોસાની સાથે બોરસદમાં આવ્યા. બોરસદમાં સાહેબે એક માસ સુધી પોતાના બંગલે રાખી દવા અને ખોરાક પૂરાં પાડ્યાં. આમ કરવાથી શરીર ખૂબ તાજું બની ગયું. ત્યાર પછી ત્યાંની શાળાના મહેતાજી શિવાભાઈ બાજીભાઈને સોંપવામાં આવ્યા. તેમણે પોતાના ઘરની જોડેના ઘરમાં છોકરા-છોકરીઓને સાથે રાખીને ખાવાપીવા તથા પહેરવા ઓઢવાનો ઉત્તમ બંદોબસ્ત કર્યો. સાથે ભણનાર ૧૨ છોકરાંમાંથી રેવ. થોમાભાઈ તથા મરહૂમ રેવ. લાજરસભાઈ આગળ વધ્યા.

ચાર ધોરણના અભ્યાસ પછી મંટગમરી સાહેબ પાસે પ્રેસકામ શીખવા માટે તેમને સૂરત મોકલવામાં આવ્યા. પણ એવામાં સંજોગે રે સાહેબ વિલાયતથી પાછા આવ્યા. અને થોમાભાઈને વધુ અભ્યાસ માટે આણંદમાં વિલ્યમ ગંગારામભાઈની નિશાળે મોકલ્યા. પાંચમું ધોરણ શીખી થોમાભાઈ પાછા સૂરત ગયા.

સૂરતમાં લગભગ અગિયાર વર્ષ સુધી પુસ્તક વેચનાર તરીકે,

ઉપદેશક તરીકે અને શાસ્ત્રશિક્ષક તરીકે ખૂબ ઉત્સાહથી કામ કર્યું. તે દરમિયાન પ્રેસ્બિટેરીનાં ઠરાવેલાં ધોરણનો અભ્યાસ કર્યો. ઈ.સ. ૧૮૮૨માં તેમની બદલી ભાવનગર ખાતે જ.વ.સ. ટેલર સાહેબ પાસે કરી. આ સમયે સૂરતમાં જમાવેલી ગાયનટોળીઓથી જુદા પડવું, એ તેમને અસહ્ય થઈ પડ્યું. ભાવનગર બે ત્રણ માસ રહ્યા, પણ ત્યાં ગમ્યું નહિ. તેમણે સૂરત જવાની રજા માગી પણ મળી નહિ. તેથી છાનામાના સૂરત આવતા રહ્યા. તે વખતે સૂરતમાં રે સાહેબ હતા. ટેલર સાહેબે તેમને પાછા ભાવનગર બોલાવ્યા. થોમાભાઈએ નક્કી કર્યું, કે 'બીજી નોકરી કરીશ, પણ ભાવનગર પાછો નહીં જાઉં.'

તે પછી થોમાભાઈને સૂરતમાં દેવળ પાસે ઘર આપવામાં આવ્યું ને રાંદેરની નિશાળ તથા કણપીઠ નિશાળમાં શાસ્ત્ર શીખવવા મોકલ્યા. પ્રેસ્બિટેરીનાં ધોરણ અને લાયસન્સનાં ત્રણ વર્ષ પૂરાં કરી, સૂરતમાં લાયસન્સ મેળવ્યું.

ત્યાર બાદ તેમની બદલી કેરીપુર થઈ. અને ઈ.સ. ૧૮૯૮માં પાળક તરીકેની દીક્ષા થઈ. તે પહેલાંનાં નવ વર્ષ ઉપદેશક તરીકે ગાળ્યાં. કેરીપુરમાં પાંચ વર્ષ સુધી ધર્મગુરુ તરીકે કામ કર્યું.

પરંતુ કેરીપુરમાં તેમની તબિયત બગડી અને દમનું ત્રાસદાયક દર્દ તેમને લાગુ પડ્યું. આથી ઈ.સ. ૧૯૦૩માં તેમની બદલી ભાલેજ કરવામાં આવી. આ મંડળીના પાળક તરીકે ૧૫ વર્ષ સુધી ખંતથી સેવા બજાવી. આ પછી તેઓ નિવૃત્ત થયા.

નિવૃત્ત થયા પછી તેઓ પ્રથમ અમદાવાદ અને પછી રાણીપુર રહેતા હતા. રાણીપુરમાં સને ૧૯૨૬ના ઑક્ટોબરની ૧૬મી તારીખે રેવ. થોમાભાઈએ પ્રભુના અનંતકાળિક ઘરમાં પ્રવેશ કર્યો.

મરહૂમ રેવ. થોમાભાઈ ગાયનના શોખીન અને કુશળ તથા મધુર ગીતકર્તા હતા. તેમણે રચેલાં ઘણા બોધદાયક ગીતો ''ભજનસંગ્રહ''માં છપાયેલાં છે. તેમનાં ગીતોમાં ગમે તેવી સ્થિતિમાં નીડરતાથી પ્રભુને જ

વળગી રહેવાનો અને તેની સ્તુતિ કરવાનો આદેશ તેમણે આપ્યો છે. તેઓ સંપૂર્ણ સાધનસંપન્ન ન હતા. વળી બહોળા કુટુંબને કારણે તેમને સતત આર્થિક અગવડો ભોગવવી પડતી હતી. આવા સંજોગોમાં પણ તેમણે પૂર્ણપણે ઈશ્વરને આધીન રહી તેની સેવા બજાવી, તેનું પ્રતિબિંબ તેમનાં ગીતોમાં પડે છે.

તેઓ અતિ ઉત્સાહી ધર્મપ્રચારક હતા. વળી નીડર અને સત્યવક્તા હતા. સત્ય કહેવાથી સામા જનને કેવું લાગશે, તેનો વિચાર તેઓ કરતા નહિ. આખું જીવન તેમણે દૃઢપણે અને પ્રમાણિકપણે ગાળ્યું હતું.

સાદી અને સરળ ભાષામાં સચોટ ઉપદેશ આપતાં મરહૂમ રેવ. થોમાભાઈનાં કાવ્યો ખ્રિસ્તી મંડળીને ઉપયોગી એવા જુદા જુદા પ્રસંગો ઉપર રચાયાંછે. તેમનાં કાવ્યોની ભાષા સહેલી હોવાથી બાળકો તથા ગ્રામ્ય વિસ્તારનાં ભાઈબહેનો માટે પણ એકસરખાં ઉપયોગી છે. તે કાવ્યો ખ્રિસ્તી જીવનની અગત્યની જરૂરિયાત પૂરી પાડતાં ટૂંકા ઉપદેશો છે. તેમાં દાખલા-દલીલથી સમજણ આપવાની ઢબ વિશેષ તરી આવે છે.

**પાપ પ્રવેશ થવાથી માનવ દુઃખમાં છે ડૂબેલ,**
**પાપતણાં બી કડવા મનમાં સહુમાં છે ઉગેલ.**

**અનાજ લૂણથી બધાં સુસ્વાદથી ખવાય છે,**
**પવિત્ર લોક લૂણ છે સુધારનાર થાય છે.**

એમની પ્રાર્થનાઓ ધીર, ગંભીર અને નમ્રતાભરી દેખાય છે તે તેમના સ્વભાવનું આબેહૂબ ચિત્ર રજૂ કરે છે.

**હે જગતારક દેવ ધણી તુજ પાય નમું છું,**
**ને મજ પાપ કબૂલ કરી તુજ નામ ભજું છું.**

તેમના વિશ્વાસની દૃઢતા ખરેખર માન ઉપજાવે છે.

**મોત લગી વિશ્વાસ ઈસુ પર બીક જરા મનમાં શીદ આણું?**

તેમનાં ગીતોમાં રસ અને ભાવનું વહન યથાસ્થિત છે. પ્રસંગ પ્રમાણે છંદોનો ઉપયોગ કરેલો છે. ઝુલનાવૃત્તમાં લખાયેલાં કાવ્યોની ગતિ સિવાય બીજાં કાવ્યોમાં શાંત અને ગંભીર રસનું વહન વ્યક્ત થાય છે. કાવ્યના દેહ અને આત્મામાં જે સુમેળ અને સ્વચ્છતા જોવામાં આવે છે તે જ તેમનાં કાવ્યોની પ્રતિષ્ઠા છે.

**ભજન સંગ્રહમાં તેમનાં ૨૭ ગીતોના નંબર આ પ્રમાણે છે:**

૨૧, ૫૨, ૮૫, ૧૦૨, ૧૬૬, ૧૬૯, ૧૮૦, ૨૩૨, ૨૩૪, ૨૩૬, ૨૫૪, ૨૭૯, ૨૮૪, ૨૮૬, ૨૮૯, ૩૦૫, ૩૦૬, ૩૦૮, ૩૧૦, ૩૭૨, ૩૭૭, ૩૮૯, ૩૯૦, ૪૦૫, ૪૨૭, ૪૩૨ અને ૪૭૩.

નં. ૩૦૬ માં "ખ્રિસ્તની આરાધના" એ શિર્ષક રવિવારની ભક્તિસભાના ટૂંકા અને લાંબા હેતુ વિષે કેવું સુંદર ગીત તેમણે રચ્યુંછે! અને નવા રાગે ગાતાં તો કેવું મધુર વાતાવરણ પેદા કરતું લાગે છે!

**અમો આવિયાં આજ સૌ ખ્રિસ્તનામે,**
**અમો આવિયાં તો ઈસુને વિરામે; (રવિવારે)**
**અમે સેવ ત્રાતા તણી આજ કીધી,**
**અને દેવ દાતા તણી વાત લીધી.**
**(એમનો બોધ પામ્યાં)**
**અમારાં બધાં પાપ તો માન્ય કીધાં**
**અને ખ્રિસ્ત દેવે બધાં ભૂંસી દીધાં.**
**(પાપ કબૂલાત અને પાપ-માફ)**
**સદા શુધ્ધ આત્મા હવે, ખ્રિસ્ત દેજો,**
**(પવિત્ર આત્માનું દાન)**
**અને દર્દ સંઘાં, ઈસુ ખ્રિસ્ત લેજો.**
**(માંદાઓ માટે પ્રાર્થના અને સાજાપણું)**
**અમે જીવિયે ભૂતળે ત્યાંજ સુધી,**

**તમો પાસ રહેજો, દઈ શુદ્ધ બુધ્ધિ;**
**પછી મોતનું તેડું તો જ્યાર આવે,**
**અમોને તમો પાસ તે ત્યાર લાવે.**

(અમે આ પૃથ્વી પર છીએ ત્યારે સંભાળજો, અને આત્માની દોરવણી આપજો. અને મોતનું તેડું તમે મોકલો, ત્યારે તમારા ચરણમાં લેજો.)

**અમો તો તમોથી ખરું સુખ લૈશું,**
**અને સર્વકાળે તમો પાસ રહીશું;**

(ત્યારે સ્વર્ગમાં તમારી પાસે અનંતકાળિક આનંદમાં રહેતાં પરમ સુખ પામીશું)

સરખાવો : ગીતશાસ્ત્ર ૭૩:૨૪.

**તમો છો અમારા ખરા પાળનારા,**
**તમોને મૂકીને અમો ના જનારા.**

(તમે જ અમારા ખરા પાળક છો, અને તમને છોડીને અમે ક્યાંયે જનાર નથી).

# થોમાભાઈ પાથાભાઈ

- લેખક : રેવ. આર. એચ. એસ. બોયડ -

લાઝરસભાઈની સાથે જે છોકરાંઓને બોરસદ મોકલવામાં આવ્યાં, તેમાંના બીજા છોકરાંને બાપ્તિસ્મા આપવામાં આવ્યું હતું અને તેનું નામ બદલીને ખ્રિસ્તી નામ-થોમા-રાખવામાં આવ્યું. જૂઠા દેવોને અને મૂર્તિઓની પૂજા કરવાનું આ છોકરાને બાળપણમાં શીખવવામાં આવ્યું હતું. તે બોરસદ આવ્યો, ત્યાં સુધી તેણે ઈસુનું નામ સાંભળ્યું ન હતું. ખ્રિસ્તીઓંને, ઈસુ ખ્રિસ્ત દ્વારા જીવતા પ્રભુની સ્તુતિ કરતા જોઈને તેને તે વિચિત્ર લાગતું અને પોતાની બીકમાંથી મુક્ત થવાનું અને બીજા ખ્રિસ્તી બાળકો સાથે ભળી જવાનું તેને મુશ્કેલ લાગતું હતું. પણ આખરે એક સમયે તેની બીક જતી રહી, અને પોતાનું હૃદય ખોલીને બોલવાની હિંમત આવી. અને, પ્રભુ ઈસુ ખ્રિસ્તને પોતાના તારનાર તરીકે ઓળખીને તેના મુખમાંથી આ શબ્દો સરી પડયા : ''મારા પ્રભુ અને મારા દેવ!'' અને જે વ્યક્તિ આ શબ્દો ઉચ્ચારે, તેને માટે ''થોમા'' સિવાય બીજું કયું નામ વધુ યોગ્ય હોઈ શકે? અને પોતાના જીવનના અંત સુધી થોમાભાઈએ ઈસુની-એટલે કે પોતાનાં 'પ્રભુ અને દેવ' ની સેવા કરી.

થોમાભાઈ અને લાઝરસભાઈ આજીવન મિત્રો બની રહ્યા હતા, અને ઘણીવાર પોતાના જુદા જુદા અનુભવોનું સ્મરણ કરતા હતા. પણ બંનેના સ્વભાવમાં અને કુદરતી પ્રકૃતિમાં ઘણો તફાવત હતો. કારણ કે થોમાભાઈ વિચારવંત, દરેક જાતના બાહ્ય ભપકાથી દૂર રહેનારા, યોગ્ય વિચારસરણી ધરાવનારા અને ઘણું જ ઓછું બોલનાર હતા. આ સિવાય તેઓ બંનેનું વ્યક્તિત્ત્વ આધ્યાત્મિક હતું, બંને રમુજી સ્વભાવના હતા અને બંને જણે પોતાના જીવનો પ્રભુ ઈસુ ખ્રિસ્તને અર્પણ કર્યાં હતાં.

એ દિવસોમાં અનાથ બાળકોને ઔદ્યોગિક તાલીમ આપીને કોઈ કામે લગાડવાનું ખૂબ મુશ્કેલ હતું. કારણ કે એવી કોઈ હુન્નરશાળા ન

હતી કે જેમાં તેઓને દરજી, સુથાર કે કડીઆના કામની તાલીમ આપી શકાય. જે વિદ્યાર્થીઓ બીજાઓ કરતાં કંઈક વધુ શક્તિશાળી માલૂમ પડયા તેઓને એક શિક્ષકો અને સુવાર્તિકો માટેની તાલીમશાળામાં દાખલ કરવામાં આવ્યા. જેઓ વિશેષ આવડત ધરાવતા ન હતા તેઓને ઘરકામની, સફાઈકામની, માળીકામની અને ખેતીકામની તાલીમ આપવાની વ્યવસ્થા કરવામાં આવી. અમુક છોકરાઓને સુરત-મિશન પ્રેસમાં મોકલવામાં આવ્યા. ત્યાં તેઓને પોતાની શક્તિ અને લાયકાત પ્રમાણે કંપોઝીટર, બુકબાઈન્ડર અથવા સામાન્ય મદદનીશ તરીકે કામ કરવાની તક મળી. થોમાભાઈને આ પ્રેસમાં બુકબાઈન્ડરના કામની તાલીમ માટે મોકલવામાં આવ્યા.

થોમાભાઈ સ્થિર મનના, ઉદ્યમી, હોશિયાર અને પોતે જે વિષયમાં તાલીમ મેળવતા હતા તે ઉપરાંત અન્ય વિષયોમાં પણ રસ ધરાવતા હતા. એક હેવાલમાં થોમાભાઈ વિષે આ પ્રમાણે કહેવામાં આવ્યું હતું : ''તે એક આશાસ્પદ યુવાન છે. તેણે રચેલું એક નાનું ગીત, રેવ. જે.વી.એસ. ટેલરે કાવ્યાર્પણનીછેલ્લી આવૃત્તિમાં પ્રસિદ્ધ કર્યું છે.'' 'ગુજરાતી વ્યાકરણના પિતા' નું સન્માનજનક બિરૂદ પામનાર રેવ. જે.વી.એસ. ટેલર ગુજરાતી ખ્રિસ્તી સાહિત્ય ઉપર અભૂતપૂર્વ પ્રભાવ ધરાવતા હતા, અને ગુજરાતી ખ્રિસ્તી કવિઓમાં પ્રથમ સ્થાને હતા તેઓએ રચેલા કાવ્યાર્પણનો ઉપયોગ ખ્રિસ્તી મંડળીઓની ભક્તિ સમારંભમાં થતો હતો-જો થોમાભાઈએ રચેલું ગીત તેમની દ્રષ્ટિમાં સ્વીકાર્ય ન હોત તો કાવ્યાર્પણમાં સ્થાન પામ્યું ન હોત.

બુક બાઈન્ડીંગ એ ખ્રિસ્તી મિશનનું એક મહત્ત્વનું કામ છે અને થોમાભાઈએ એ કાર્ય પ્રમાણિકપણે સુંદર રીતે કર્યું. પણ એ કાર્યમાં તેઓ લાંબો સમય રહ્યા નહિ. સુવાર્તાઓનું વેચાણકાર્ય અને વિતરણકાર્ય એ ખ્રિસ્તી મિશનના અગત્યનાં અંગો છે, અને થોડા જ સમયમાં થોમાભાઈએ આ ક્ષેત્રે સંતોષકારક પ્રગતિ કરી અને સફળતાઓના પગલે

સુવાર્તિક, શાળાના શિક્ષક, બાઈબલ શિક્ષક બન્યા, અને અંતે અમદાવાદ ખાતે તાલીમવર્ગમાં સુવાર્તિક તરીકે પ્રવેશ મેળવ્યો.

વધુ ને વધુ અનુભવ સાથે તેઓએ પ્રેસ્બિટેરીના કોર્સનો નિયમિત અભ્યાસ કર્યો. આથી તેમને કેરીપુરના ફાર્મ કોલોનીમાં મોકલવામાં આવ્યાં. ત્યાં તેઓને મેનેજર, ઉપદેશક, અને મંડળીના વહિવટી કાર્યકર તરીકે કામ કરવાનું હતું. જો કે મંડળીની ધાર્મિક વિધિઓમાં તેઓ ભાગ લઈ શકે એમ ન હતું, કારણ કે તેઓને હજી દિક્ષા આપવામાં આવી ન હતી.

તે સમયનું કેરીપુર એક એકાંત અને ઉજ્જડ સ્થાનમાં વસેલું હતું. ઉચ્ચવર્ણના હિંદુઓને પોતાની વસ્તી નજીક આ ખ્રિસ્તી પરું આવેલું હતું તે પસંદ ન હતું. અહીંથી માત્ર આઠ માઈલ દૂર પ્રખ્યાત યાત્રાધામ ડાકોર આવેલું હતું અને ત્યાં દર મહિને ૪૦,૦૦૦ જેટલા યાત્રાળુઓ મુલાકાતે આવતાં હતા. કેરીપુર જવા માટે ડાકોરમાંથી પસાર થવું જ પડતું, અને ખ્રિસ્તી લોકો, તે સમયે "ન્યાતબહાર" જેવા ગણાતા અને ડાકોરમાંથી પસાર થતી વખતે ધિક્કાર અને તિરસ્કારનો ભોગ બનતા.

આ સમયે જિલ્લામાં ગુનાહિત માનસ ધરાવતા તત્ત્વોનો એક વર્ગ પણ વસતો હતો. તેઓ દેખીતી રીતે તો ખેડૂતો જ હતા. પણ મોટે ભાગે તેઓ બીજા ખેડૂતોના પાકની ચોરી કરતા હતા અને તેમાંથી આજીવિકા મેળવતા હતા. જરૂરિયાતોને કારણે ઘણીવાર તેઓ હિંસા કરવા પણ પ્રેરાતા હતા. તેઓ ખ્રિસ્તી ખેડૂતોનો ઊભો પાક બાળી નાખતા અને તેમનાં ઢોર ચોરી જતા. આ લોકો સામે કાયદાનો આશરો લઈને પણ કામ પાર પાડવું સહેલું નહોતું. કોર્ટમાં યોગ્ય સ્થાને ઊભા રહેવાનો પણ હક ન મળતાં થોમાભાઈને ઘણા બધા લોકો સાથે ઘર્ષણમાં ઉતરવું પડતું પણ તેમનો એક સત્યનિષ્ઠ મનુષ્ય તરીકેના પ્રભાવને લીધે બુદ્ધિગમ્ય માણસોએ તેમની પ્રશંસા કરી અને ખ્રિસ્તીઓ પ્રત્યેનો અણગમો કંઈક અંશે પાછો થયો.

બીજી રીતે જોતાં કેરીપુર એક મુશ્કેલીઓથી ભરેલું સ્થાન હતું. ત્યાંનું પાણી ઘણા માણસોના શારીરિક બંધારણને માફક ન આવતું. થોમાભાઈને દમનો ત્રાસદાયક રોગ લાગુ પડયો હતો અને તેઓને રાતભર ખાંસી આવતી અને શ્વાસ લેવામાં તકલીફ પડતી. સને ૧૮૯૨ના રિપોર્ટમાં આ બાબત વિષે ઉલ્લેખ કરવામાં આવ્યો છે : ''એ વર્ષ થોમાભાઈને માટે કસોટીનું વર્ષ હતું. કુટુંબના સભ્યો વારંવાર માંદગીમાં સપડાતાં હતાં અને તેમના પત્નીના અકાળે થયેલા અવસાનથી તેમના દુઃખની સીમા ન રહી. થોમાભાઈનાં પત્નીના જીવનથી સારી રીતે વાકેફ એવી ગામની બહેનોએ તેમની ભારોભાર પ્રશંસા કરી હતી અને તેઓની સાક્ષીએ દર્શાવ્યું હતું કે, તેઓ એક સત્યનિષ્ઠ પાળકનાં કેવાં પ્રેમાળ અને આદર્શ પત્ની હતાં.'' આમ છતાં થોમાભાઈ પોતાની સેવાઓને દ્રઢતાથી વળગી રહ્યા. આ પછી તેમણે સુવાર્તિક તરીકે સેવાઓ આપી અને છેલ્લે કેરીપુર મંડળીના પાળક તરીકે તેમની નિમણૂક થઈ અને પંદર વર્ષ સુધી કેરીપુરના પાળક તરીકે તેઓએ નમૂનેદાર સેવાઓ આપી.

આ અરસામાં ભાલેજના પાળક રેવ. નાથુભાઈ હરિભાઈ સક્રિય સેવામાંથી નિવૃત થતાં થોમાભાઈને તેમના અનુગામી તરીકે ભાલેજના પાળક તરીકે નીમવામાં આવ્યાં. તેમના સક્રિય જીવનનો શેષ ભાગ તેઓએ ભાલેજ મંડળીના પાળક તરીકે વ્યતીત કર્યો. તેઓ એક 'ઘેટાંપાળક' હતાં, મિશન માટે કાર્ય કરનાર, અને રોજેરોજ આસપાસના ગામોમાં સુવાર્તાપ્રચાર માટે ઘૂમી વળતા સુવાર્તિકોના જૂથના આગેવાન હતા.

થોમાભાઈ એક શુદ્ધ ચારિત્ર્ય ધરાવતા પ્રામાણિક પુરુષ હતા. સારા-નરસાની સ્પષ્ટ સમજ ધરાવતા થોમાભાઈ પોતાના અંગત હિતની પરવા કર્યા વગર પોતાને જ યોગ્ય લાગે તે હિંમતપૂર્વક કરતા. તેમનો સ્વભાવ ખૂબ જ રમૂજી અને આનંદી હતો. સિદ્ધાંતની દૃષ્ટિએ તેઓ દ્રઢ

વલણ અખત્યાર કરતા હતા, છતાં કદી પણ બિનજરૂરી રીતે કઠોર બનતા ન હતા. નિર્દોષ આનંદ આપતા રમૂજી ટુચકા સાંભળીને તેઓ મુક્ત રીતે હસતા અને બીજાઓને પણ આનંદના ભાગીદાર બનાવતા. વિશાળ કુટુંબ અને મર્યાદિત આવકને કારણે થોમાભાઈને ગરીબીનો સામનો કરવો પડ્યો હતો; આમ છતાં તેઓએ પ્રસન્નમુખે જીવન જીવી બતાવ્યું હતું.

તેઓ જે ગામમાં રહેતા હતા ત્યાં એક રાત્રે બુકાનીધારી અને હથિયારથી સજ્જ થયેલા બહારવટીઆએ હુમલો કર્યો. મોટાભાગના લોકો પોતાનો માલસામાન છોડીને આસપાસના ખેતરોમાં નાસી ગયા. વૃધ્ધ થયેલા પાળક રેવ. થોમાભાઈએ પોતાનું સ્થાન છોડવા અને ધાડપાડુઓને શરણે થવાનો સ્પષ્ટ ઈન્કાર કર્યો. ધાડપાડુઓએ તેમના માથા પર ઘા કર્યો અને તેઓ જમીન ઉપર પડી ગયા. કલાકો સુધી તેમને વૈદકીય સારવાર પ્રાપ્ત થઈ નહિ અને માથા પર થયેલી ઈજામાંથી અને તેથી લાગેલા આઘાતમાંથી તેઓ લાંબા સમય સુધી મુક્ત થયા નહિ. જ્યારે સાજા થયા અને તેમનામાં ચાલવાની શક્તિ આવી ત્યારે તેઓએ આણંદના દવાખાના પાસેના કંપાઉન્ડમાં રહેતા મિશનરીની મુલાકાત લીધી. આ મિશનરી સમક્ષ તેઓએ ઉપરના બનાવનું, તથા જીવનમાં અનુભવેલા એવા બીજા પ્રસંગોનું વર્ણન કર્યું. આવા ગુન્હેગારોના ત્રાસમાંથી મુક્તિ અપાવવા માટે સરકાર શું કરી શકે ? જો કે પગલાં ભરવામાં આવ્યાં હતાં, તોપણ પ્રશ્ન એ હતો કે આ બનાવ નજરે જોનારા માણસો સાક્ષી આપવા આગળ આવશે ખરાં ? અને આ કેસ કોણ દાખલ કરશે? - આ પ્રમાણેની વાતચીત ચાલતી હતી તેને વચ્ચે જ અટકાવી દઈને થોમાભાઈએ જણાવ્યું : "સાહેબ, મારા કુટુંબીજનો આ ધાડપાડુઓ જેવા જ હતા. ભૂખને કારણે થોમાભાઈએ બાળપણમાં ઘર છોડ્યું હતું. ખરી રીતે જોતાં, કુટુંબીજનો તેમના નહોતાં અને થોમાભાઈ પણ કુટુંબીજનોના નહોતા. ઘણાં વર્ષો પછી થોમાભાઈને ઉત્તર વિભાગમાં સિનડ ડેલીગેટ તરીકે જવાનું થયું હતું. તે સમયે તેઓએ પોતાની

જન્મભૂમિની અને કુટુંબીજનોની મુલાકાત લેવાનો નિશ્ચય કર્યો. તેમને શંકા હતી કે કુટુંબનું કોઈ પણ તેમને મળશે કે કેમ! પણ આખરે તેઓએ તેમને શોધી કાઢ્યા. તેઓ પૈસેટકે સુખી હતા અને, થોમાભાઈ તેમના કાયદેસરના વારસ ઠરી શકે તેમ હતા! પણ આ સગાંવહાલાં કેવું જીવન જીવતા હતા તે વિષે થોમાભાઈના જાણવામાં આવ્યું. હજી તેઓ ગુનાખોરીના અંધકારમાં જીવતા હતા! તેઓએ ધનદૌલત કેવી રીતે પ્રાપ્ત કર્યા હતા તે પણ તેઓએ જાણ્યું, અને તે સમયે તેમને આપણા પ્રભુના શબ્દો યાદ આવ્યા : "જે કોઈ મારે અને સુવાર્તાને લીધે ઘર, ભાઈ, બહેન, પિતા માતા, સ્ત્રી, બાળકો અને જમીનો તજશે તેને આ જીવનમાં ઘણું મળશે-અને પછીની દુનિયામાં અનંતજીવન મળશે."

થોમાભાઈએ આ વચનો યાદ આવતાં આત્મસંતોષ અનુભવ્યો, કે ઈશ્વરના પ્રેમાળ હાથે પ્રાપ્ત થયેલા આશીર્વાદોના સંદર્ભમાં આ વચનો તેમના જીવનમાં સાર્થક નીવડ્યાં છે.

બીજા માણસોની સરખામણીમાં થોમાભાઈ પાસે વધારે મિલકત ન હતી, પણ પોતાના ચારિત્ર્ય અને કાર્ય વડે તેઓએ ઘણાઓના જીવનો સમૃદ્ધ બનાવ્યાં હતા. તેમના સંસ્મરણોની સુવાસ હજીયે મંડળીઓમાં તાજી છે. તેમણે ઘણા ભજનો રચ્યાં, જે ખ્રિસ્તી ભજનોના પુસ્તકમાં સ્થાન પામ્યાં. જો કે તેમના ભજનોનું સાચું મૂલ્યાંકન તો એક ગુજરાતી જ કરી શકે, તોપણ એ ભજનોમાં રહેલી સ્તુતિની ભાવના કોઈ પણ વ્યક્તિ ઉપર ઊંડી અસર કરી જાય છે. તેમનાં સ્તુતિગીતોમાં કલ્પનાનું પ્રમાણ ઓછું હોઈ શકે, પરંતુ દરેક ગીતમાં ખ્રિસ્તી વિચાર અને પ્રેરણા રજૂ કરવાનો તેમનો પ્રયાસ પ્રશંસનીય છે. ઈશ્વરનો પ્રેમ, પાપની વાસ્તવિકતા, પ્રભુ ઈસુની કૃપા, પવિત્ર આત્માનું બળ, ક્ષમા, શાંતિ, શ્રદ્ધા, આશા, હિંમત, પ્રેમભરી સેવા, ખ્રિસ્તની ખાતર ધૈર્યપૂર્ણ દુઃખસહન, અને અંતમાં પ્રભુ ઈસુમાં સંપૂર્ણ જીવન, ઈશ્વરના સાનિધ્યમાં અને સંતોની સંગતમાં સ્વર્ગનો આનંદ અને મહિમા - આ બધા વિષયો

તેમના હૃદયમાં સમાયેલા હતાં અને એવું તેમનું હૃદય, ખ્રિસ્તનો માન અને મહિમા આપવા સારુ, ખ્રિસ્તની સાથે "ગેથસેમાને કે કાલવરી પ્રતિ" પ્રયાણ કરવા તત્પર હતું.

નિવૃત્ત થયા પછી થોડો સમય થોમાભાઈ રાણીપુરમાં આવીને વસ્યા. અને ત્યાં જ આ જીવનમાં સમગ્ર પરિશ્રમમાંથી મુક્ત થઈને, ભરપૂર જીવન પામવા પ્રભુના ગૌરવી ધામમાં પ્રવેશ કર્યો.

- અને આવા ભરપૂર જીવનનો મહિમા થોમાભાઈએ પોતાના "સ્વર્ગમાં દ્રવ્ય" એ ભજનમાં ગાયો છે :-

**"રે અમારો નથી કામ આ ભૂતળે,**
**સ્વર્ગના વાસમાં જઈશું.....**
**હે ખરા ખ્રિસ્તના લોકો, સૌ જાણજો,**
**આપણું દ્રવ્ય છે દેવ પાસે,**
**કેમ કે આપણા ધન્ય ત્રાતા થકી,**
**સંતનું સૌખ્ય સંપૂર્ણ થાશે...."**

# રેવ. થોમાભાઈના કાવ્યાર્પણમાંના ગીતોની વિગત

## કાવ્યાર્પણ

| અનુ નં. | ગીત નં. | શીર્ષક | પ્રથમ પંક્તિ |
|---|---|---|---|
| ૧ | ૧૪ | લઘુબોધ | એક યહોવા દેવ છે... |
| ૨ | ૧૮ | મંદવાડમાંથી સાજાપણું | અરજી સુણી ઈશ્વરે... |
| ૩ | ૨૧ | પ્રાર્થના | જુવાનીના કાળમાં... |
| ૪ | ૨૨ | ઈસુની આગળ વિનંતિ | ઈસુ ત્રાતા દેવ તું... |
| ૫ | ૩૨ | સુવાર્તા | મૃત્યુતણી સહુ બીક તો... |
| ૬ | ૩૩ | વિશ્વાસી બળ માગે છે | વિશ્વાસીના દેવ તું... |
| ૭ | ૬૮ | વિશ્વાસનું ગીત | મોત લગી વિશ્વાસ ઈસુ પર |
| ૮ | ૭૦ | સ્વર્ગમાં દ્રવ્ય | રે અમારો નથી ઠામ |
| ૯ | ૭૭ | સ્તોત્ર | રે ખ્રિસ્તત્રાતા તણી વાત |
| ૧૦ | ૭૮ | ઈસુની પ્રીતિના વખાણ | રે લોકને લાવવા ઈશ્વરી |
| ૧૧ | ૭૯ | ન્યાય ચૂકાદો | કાળના અંતમાં નાથ |
| ૧૨ | ૮૦ | વિશ્વાસીની હોંસ | જીવતો જો રહું |
| ૧૩ | ૮૧ | ખ્રિસ્તનાં કૃત્ય | રે ઈસુએ ભૂતળે |
| ૧૪ | ૮૩ | ખરાં ઘરેણાં ક્યાં? | રે આવશે, આવશે |
| ૧૫ | ૮૪ | ખ્રિસ્તનાં પ્રેમનાં વખાણ | ખ્રિસ્ત ત્રાતા તણા વાક્ય |
| ૧૬ | ૯૦ | ખ્રિસ્ત પર ભરોસો | જો પણ ખ્રિસ્ત તણા દાસો |
| ૧૭ | ૯૧ | આનંદનું કારર્ણ | ખ્રિસ્ત તણા શુભ તારણમાં |
| ૧૮ | ૯૨ | પ્રભુની ધીરજ | હે જગતારક, દેવ ધણી |
| ૧૯ | ૯૪ | ખ્રિસ્તી માણસનો મુખ્યાર્થ | માનવનો મુખ્યાર્થ કહું |
| ૨૦ | ૯૫ | હું ઉત્તમ ઘેટાંપાળક છું. | જોખમમાં મુજ પ્રાણ હતો |
| ૨૧ | ૧૦૫ | ખ્રિસ્તનું આરાધન | અમો આવિયાં આજ |
| ૨૨ | ૧૦૭ | સંત સહુ એક ચિત્તે | કરો પ્રાર્થના સંત સહુ |

| | | | |
|---|---|---|---|
| ૨૩ | ૧૦૮ | સ્તોત્ર | અમો જે હતા નાશમાં તો |
| ૨૪ | ૧૦૯ | ભરોસો | ભરોસો સદા દેવનો |
| ૨૫ | ૧૧૦ | લગ્ન વખતે ગાવાનું ગીત | રચી દેવ તેં દૂનિયા |
| ૨૬ | ૧૧૧ | નહોતરૂં | બિમારી અમારી ગઈ |
| ૨૭ | ૧૧૨ | જગિક દુઃખ ને સ્વર્ગિય સુખ | નથી સુખ સંસારમાં દુઃખ ભારે |
| ૨૮ | ૧૧૩ | ઈસુની શિખવેલી પ્રાર્થના | અમારા પિતા ઈશ |
| ૨૯ | ૧૨૦ | વર્ષની સમાપ્તિ તથા શરૂઆત વિષે | વર્ષ હવે આ પૂરું થાય |
| ૩૦ | ૧૨૬ | દેવથી ભક્તોનો જય | દેવ છે આશરો |
| ૩૧ | ૧૩૦ | ખરો આસરો | સુનાથ ખ્રિસ્તની સદા |
| ૩૨ | ૧૩૧ | ઉદ્ધાર | મનુષ્ય નાશ પાપથી |
| ૩૩ | ૧૩૨ | ખ્રિસ્તમાં રહેવાથી લાભ | અપાર લાભ ખ્રિસ્તથી |
| ૩૪ | ૧૩૬ | ધૂળ સહુ થશે | ધૂળ તો થશે દેહ |
| ૩૫ | ૧૩૭ | પ્રાર્થના | ખ્રિસ્ત તું તણે પાય |
| ૩૬ | ૧૩૮ | શોક | મોત બારણે ખ્રિસ્ત |
| ૩૭ | ૧૩૯ | પ્રાર્થના | ખ્રિસ્તદેવ, તું મંડળી |
| ૩૮ | ૧૪૪ | તારણ | ત્રાણ કોણથી મળે? |
| ૩૯ | ૧૪૫ | કેવળ ખ્રિસ્તથી શુધ્ધતા | ખ્રિસ્ત જીવતો ઝરો |
| ૪૦ | ૧૪૬ | ખ્રિસ્તને લીધે લાજ વૃથા ગણવી | ખ્રિસ્ત માન તાકજે |
| ૪૧ | ૧૪૭ | ખ્રિસ્તની પ્રજાનો ધર્મ | ખ્રિસ્તની બધી પ્રજા |
| ૪૨ | ૧૬૦ | સેવ કરો પ્રભુ ખ્રિસ્તતણી | સેવ કરો પ્રભુ દેવતણી |
| ૪૩ | ૧૬૧ | ખ્રિસ્તની શાંતિ | શાંત થયું મન ખ્રિસ્તથકી |
| ૪૪ | ૧૬૨ | લઘુબોધ | સેવ કરો પ્રભુ દેવતણી |
| ૪૫ | ૧૬૭ | સત્યવેદ શું કહે છે? | સતવેદ કહે નહિ પાપ કરો |
| ૪૬ | ૧૬૮ | વિશ્વાસીની દઢતા | ધન રે ધન ખ્રિસ્ત તને જ |

| | | | |
|---|---|---|---|
| ૪૭ | ૧૬૯ | લઘુબોધ | ભજ રે જન તું જગ તારકને |
| ૪૮ | ૧૭૦ | પ્રાર્થના | સુણ પ્રાર્થ, પ્રભુ, તુજ |
| ૪૯ | ૩૮૫ | પાપરૂપી કાંટો | પાપતણા જે કાંટા મનમાં |
| ૫૦ | ૩૮૮ | પ્રાર્થના | મંદ મંડળી પડી |

## રેવ. થોમાભાઇએ રચેલાં ગીતો

### ૧ - લઘુ બોધ.

દોહા. એક યહોવા દેવ છે, કોઈ ન બીજો દેવ;
એક જ ત્રાતા ખ્રિસ્ત છે, સર્વ કરો તમ સેવ.
તેને ભજીયે આપણે, તો જઈએ આકાશ;
તેના ઘરમાં તો સદા રહીએ તેની પાસ. ૧
જે સેવે પ્રભુ ખ્રિસ્તને તે પામે ઉદ્ધાર;
તેનો તો જીવાત્મા જાશે સ્વર્ગમોઝાર.
માટે, મારા મિત્ર, તો માનો મારી વાત,
તો જાશો આકાશમાં રહેવા ઈસુ સાથ. ૨
દેવ, દયાળુ, બાપ, તું મારાં પાપ મટાડ;
જૂના મનના દુર્ગુણો મજમાંથી સહુ કાઢ.
તારાં સારાં કામ જે, મારા મનમાં ઘાલ;
તારો પવિત્ર આત્મા, તે મજને તું આલ. ૩

### ૨ - મંદવાડમાંથી સાજાપણું પામ્યા વિષે ઉપકાર.

દોહા. અર્જી સુણી ઈશ્વરે કીધો સાજો દાસ,
બળ પાછું આપ્યું બધું દૈ જીવનની આશ. ૧
બહુ જન મોત જ પામિયા કૈંક સહે દુઃખ ત્રાસ,
કૈંક જનો નરકે પડયા, કૈંક ગયા પ્રભુ પાસ. ૨
હું તો સાજો થૈ ગયો ઈશ્વરથી છું આજ,
માટે આભારી થઈ જીવીશ ઈસુ કાજ. ૩
આ જગમાં જ્યાં જ્યાં જઉં ત્યાં ઈસુની વાત,
પ્રગટ કરું બહુ પ્રેમથી શુભ શુભ કરણી સાથ. ૪

તેણે રાખ્યો છે મને આપ્યું જીવિત દાન,
સેવક થૈ સેવા કરું જ્યાં લગી રેશે પ્રાણ. ૫

## ૩ - પ્રાર્થના.

દોહા. જુવાનીના કાળમાં, ઈશ્વર, રે મજ પાસ;
સર્વે વિષયો દુષ્ટના તું કર પૂરો નાશ.
જુવાનીમાં તું તણી મજથી સેવ કરાય,
મોત લગી નીભાવતાં તારો બોધ મનાય. ૧
કાંકે મજને દુષ્ટ તો લલચાવે દિન રાત,
સતને નિત્ય દબાવતાં કરવા મારો ઘાત,
પણ, હે ઈસુ નાથ, તું અનાથનો થા નાથ,
વૈરીને નસાડવા કરજે લાંબો હાથ. ૨
કાંકે તુંથી દુષ્ટ તો પામે પૂરો ત્રાસ,
માટે રે મજ પાસ તું, સેવ કરું જગવાસ.
પ્રૌઢ અને જુવાનને વૈરીથી છોડાવ;
તારી સર્વે આજ્ઞા મારી પાસ પળાવ. ૩

## ૪ - ઈસુની આગળ વિનંતી.

દોહા. ઈસુ ત્રાતા, દેવ તું, અમ પાપીને તાર;
પાતક ભૂંસી નાખજે, તેં લીધો છે ભાર. ૧
સંબોધકને મોકલી, જ્ઞાન અમોને આપ;
તારા સતના માર્ગમાં સદા અમોને સ્થાપ. ૨
વૈરી તો લલચાવવા રોજ કરે છે જોર,
સૂઝ અમોમાં કૈં નથી, માટે અમને દોર. ૩

પળ પળમાં તો ચૂક બહુ થાય અમારે હાથ,
માટે બુદ્ધિ આપજે, હે ઈસુ, જગનાથ. ૪
નરકરૂપી ઝેર જે, અમમાંથી સહુ કાઢ;
હરાવજે તું દુષ્ટને, તેને નીચો પાડ. ૫
એમ થયે નિષ્ટાથકી, સતમાં રહિયે નિત્ય;
પવિત્રતાના જુદ્ધમાં દેખાઈએ અજીત્ય. ૬

## ૫ - સુવાર્તા

દોહા. મૃત્યુતણી સહુ બીક તો જતી રહી છે દૂર,
ખ્રિસ્ત મહા જગનાથની પ્રીત થઈ છે પૂર.
કાંકે પ્રભુએ મૃત્યુને જીતી કીધું દૂર,
પાપીને તો તારવા પ્રીત કરી છે પૂર. ૧
નર્કતણા ઊંડાણને જોગ હતા સહુ લોક,
ઈસુએ કંગાલની સુણી દુઃખિત પોક.
પોતે માનવ તો થઈ આવ્યો આ જગમાંય,
દુઃખિત માનવ જાતને ખ્રિસ્ત થયો છે સાહ્ય. ૨

## ૬ - વિશ્વાસી બળ માગે છે.

દોહા. વિશ્વાસીના દેવ, તું સાંભળ મારી પ્રાર્થ;
તારા લોકો હેતથી વર્તે સહુની સાથ. ૧
સર્વ મળીને પ્રેમથી કરીએ તારી સેવ;
અણઘટતું સૌ કાઢજે, ટાળી ખોટી ટેવ. ૨
દુષ્ટ અમોમાં ના વસે, એવી કરજે સાહ્ય;
તારા જબરા ભુજથકી તે પર જીત પમાય. ૩

વૈરી સામો તું થજે, લડજે તેની સાથ;
તેનાં તોડી બાણ સૌ, નિર્બળ કરજે હાથ. ૪
એથી તારા લોકમાં બીક કદી ન જણાય,
પણ સામા તો દિનદિને શૂર થતા દેખાય. ૫
પિતાતણો જે આતમા અમ સર્વેને આપ;
મન તન ધનનું તો પછી અર્પણ કરીએ, બાપ. ૬
આ જગમાં તો જીવતાં કરિયે તારી સેવ;
મરણ પછી આકાશમાં, લે તુજ પાસે, દેવ. ૭

## ૭ - વિશ્વાસનું ગીત

**સવૈયા બત્રીસી;** ઈંદ્રવિજય.

મોત લગી વિશ્વાસ ઈસુ પર, બીક જરા મનમાં શિદ આણું?
છે મજ ભૂપ ભલો ભવતારક, તેહ કને જઈ એમ જ જાણું.
છું જ મુસાફર એજ ધરું મન, આગળ પાય ધરું વિશ્વાસે;
સંકટ કૈંક પડે મજ ઉપર, તોય કદી નહિ થૈશ નિરાશે. ૧
આ જગનાં સહુ સંકટ છે રજ, માનવ ઊંઘ લઈ ઝટ જાગે;
એમ જ આ જગનો પણ વૈભવ, લોપ થઈ જલદી ઝટ ભાગે.
કાળ અનંત ટકે પણ વૈભવ ઈશ્વરનો ગગને અવિનાશી,
સંતસમાજ ઉલ્લાસ કરે, મુખ, સુંદર તેજ થકી જ પ્રકાશી. ૨
નામ લખેલ કપાળ પવિત્ર, ને શુભ તાજ શિરે ધરનારા,
નામ જપે હલવાનતણું નિત, ગાન અખંડ તહીં કરનારા.
હું પણ એક દિને ગગને ઝટ, જઈશ ઉમંગ ધરી સ્વરધામે;
ત્યાં નહિ મોત વિલાપ કદી પણ, જીવન ખ્રિસ્તતણું સહુ પામે. ૩

શું મરજી તમ છે પણ બંધવ, આ જગથી પરલોક જવાને?
શું મરજી તમ છે પણ બંધવ, ખ્રિસ્ત કને સુખમાં વસવાને?
જો મરજી પણ આ જગથી તમ છે પરલોક ખચિત જવાને,
તો વિશ્વાસ ખરો ધરજો દઢ, તો તમ લાયક છો વસવાને. ૪

## ૮ - સ્વર્ગમાં દ્રવ્ય

**ઝુલના વૃત્ત પ્રભાતિયું.**

૨૧૨ ૨૧૨'-૨૧૨ ૨૧૨"-૨૧૨ ૨૧૨'-૦--

રે અમારો નથી ઠામ આ ભુતળે; સ્વર્ગના વાસમાં સર્વ જૈશું. ટેક.
આજના કાળમાં દુષ્ટના લોક તો મોજ મારે ખરા મહેલ માંહે;
તેમના મહેલનો નાશ પૂરો થશે, દુષ્ટના સેવકો નષ્ટ થાએ.
રે અમારો. ૧

આજના કાળમાં દુષ્ટના સેવકો, દ્રવ્યના કારણે ગર્વ કાઢે;
તેમના દ્રવ્યને કાટ ખાઈ જશે, દુષ્ટનો ઠામ છે દુઃખ ખાડે.
રે અમારો. ૨

હે ખરા ખ્રિસ્તના લોક, સૌ જાણજો, આપણું દ્રવ્ય છે દેવ પાસે;
કેમ કે આપણા ધન્ય ત્રાતાથકી સંતનું સૌખ્ય સંપૂર્ણ થાશે.
રે અમારો. ૩

ધીર રાખો ઘણી ખ્રિસ્તના સેવકો, પૂર્ણ વિશ્વાસથી વાટ જોતાં;
સ્વર્ગમાં લૈ જવા ખ્રિસ્ત તો આવશે, તે દિને હર્ખશો દુઃખ ખોતાં.
રે અમારો. ૪

ધીર રાખો ઘણી ખ્રિસ્તને સેવતાં, ચાલતાં સત્યની શુદ્ધ વાટે,
તો બધાં આપણે જૈ મળી દેવને પામિયે સૌખ્ય જે સંત માટે.
રે અમારો. ૫

## ૯ - સ્તોત્ર

**ઝુલના વૃત્ત. પ્રભાતિયું.**

રે ખ્રિસ્ત ત્રાતાતણી વાત માનું સદા, તે થકી ત્રાણ સંપૂર્ણ થાશે. ટેક.
જન્મના વારથી તે થકી ચાલતાં હું રહ્યો જીવતો આજ સુધી;
શીખ્યો ખ્રિસ્તના નામનું જ્ઞાન તો, પામિયો સત્યની શુદ્ધ બુદ્ધિ.
રે ખ્રિ૦ ૧

ખ્રિસ્ત છે આશરો સર્વદા દાસનો, માનવી જાતનો તારનારો;
તે તણો હાથ હું જોરથી ઝાલતાં, ભો થશે સર્વદા દૂર મારો;
રે ખ્રિ૦ ૨

ખ્રિસ્તને સેવતાં ભાવથી માનતાં, સ્તોત્રથી સર્વદા માન આપું;
કેમ કે ઈસુએ પાપ ધોયાં બધાં, ને કહ્યું, આવ, હું દુઃખ કાપું.
રે ખ્રિ૦ ૩

ખ્રિસ્તને મૂકતાં, ભૂલમાં જો રહું, તો થશે નર્કમાં ઠામ મારો;
કેમ કે તે વિના ત્રાણ થાશે નહિ; ખ્રિસ્તના રાજનો એજ ધારો.
રે ખ્રિ૦ ૪

હે ખરા ખ્રિસ્ત, તું દાસને તારજે, તું તણા ધામમાં વાસ દેજે;
તું તણી ઝુંસરી આપજે તું મને બોજ મારો બધો તુંજ લેજે..
રે ખ્રિ૦ ૫

જ્યાં લગી ભૂતળે વાસ મારો રહે, ત્યાં લગી દેવ તું પાસ રહેજે;
કાળ વીતી ગયે મોત જ્યારે થશે, તું તણા દાસને સ્વર્ગ લેજે.
રે ખ્રિ૦ ૬

## ૧૦ - ઈસુની પ્રીતિનાં વખાણ

**ઝુલના વૃત. પ્રભાતિયું.**

રે લોકને લાવવાં ઈશ્વરી ધામમાં, પાપ ખ્રિસ્તે લઈ દુ:ખ વેઠયું. ટેક.

સ્વર્ગનું સૌખ્ય જે તે બધું મૂકતાં, દુ:ખ લીધાં ઘણાં પોત માથે;
ભૂતળે દીન થૈ, હેતથી ચાલતાં, બોધ પૂરો કહ્યો સર્વ સાથે.
રે લોકને૦ ૧

સૌ પિતા દેવના કાયદા પાળતાં, કામ કીધાં બધાં શુદ્ધ રીતે;
માનવી કાજ તો જીવને અર્પિયો, દુષ્ટને તારવા પૂર્ણ રીતે.
રે લોકને૦ ૨

પાપનો ડંખ જે માનવી જાતમાં, જે થકી વિશ્વ છે પૂર્ણ દુ:ખી;
એ બધું ઈસૂએ દૂર તો પાડવા સ્વર્ગના ધામની મોજ મૂકી.
રે લોકને૦ ૩

એ બધું ભ્રષ્ટને કાજ કીધા થકી, મુક્તિ તો પામશે લોક એથી;
ખ્રિસ્તને માનશે પૂર્ણ વિશ્વાસથી, તેજ તો પામશે ત્રાણ તેથી.
રે લોકને૦ ૪

ખ્રિસ્ત ઈસુ બધી જાતને તો કહે, માનજો હુંજ છું એક ત્રાતા;
સેવ સાચી કરો, ઢોંગ મૂકી સદા, તો તમારો થઉં સ્વર્ગદાતા.
રે લોકને૦ ૫

ખ્રિસ્તની પ્રીતનો પાડ તો માનજો, ગાન ગાજો તમો મુક્તિ લેતાં;
ખ્રિસ્તની પ્રીતનો પાડ સૌ માનજો, સર્વદા દેવને માન દેતાં.
રે લોકને૦ ૬

## ૧૧ - ન્યાયચૂકાદો

**ઝુલના વૃત્ત. પ્રભાતિયું.**

કાળના અંતમાં નાથ બિરાજશે વિશ્વનો ન્યાય ચૂકાવ કાજે. ટેક.

અંતના કાળમાં ખ્રિસ્ત તો આવશે, સ્વર્ગના દૂત સંઘાત થાશે;
વાદળે ભૂપ તો વૈભવે આવશે, ઘોરમાં જે બધાં જાગી જાશે.
કાળના૦ ૧

ધરતીની સીમથી દેવના દૂત તો લાવશે લોકને ખ્રિસ્ત પાસે;
નાથ તો બોલશે ન્યાયની વાત ત્યાં, કામ ખુલ્લાં થયે તોલ થાશે.
કાળના૦ ૨

તે દિને લોકના ભાગ ત્યાં બે થશે, દુષ્ટના સેવકો ડાબી કોરે,
સામણી કોરમાં સત્યના પાળકો, સર્વ ઊભા થશે નાથ મોરે.
કાળના૦ ૩

ત્યાં દુરાચારકો તે દિને ધ્રૂજશે, બૂમ પાડે ઘણી પોક મેલી;
તેમની પોકના સાદ કો ના સુણે, મારની વેદના થાય વહેલી.
કાળના૦ ૪

ખ્રિસ્તના સેવકો ખ્રિસ્તની જોડમાં, હર્ખ આનંદથી સ્વર્ગ જાશે;
દુષ્ટના જોરથી પૂર્ણ છૂટા થઈ, શુદ્ધના ઠામમાં નિત્ય વાસે.
કાળના૦ ૫

તે દિને સૂર્ય કે ચંદ્રના તેજનો, સંતને ખપ તો નજ થાશે;
કેમ કે ખ્રિસ્તનું તેજ વ્યાપી જશે સર્વદા સંતના સૌખ્ય વાસે.
કાળના૦ ૬

આવજે, આવજે, ખ્રિસ્ત, તું આવજે, દાસને તેડવા સ્વર્ગ ધામે;
ખ્રિસ્ત, તારા બધા દાસ તો ચાહ્ય છે પેસવા તુંતણે શુદ્ધ ઠામે.
કાળના૦ ૭

## ૧૨ - વિશ્વાસીની હોંસ

ઝુલના વૃત્ત. પ્રભાતિયું.

જીવતો જો રહું, ખ્રિસ્ત કાજે રહું; જો મરું તો ઘણો લાભ માનું. ટેક.
જીવવું ખ્રિસ્તના કામને કારણે ખ્રિસ્તનું કામ છે હર્ખકારી;
ખ્રિસ્તને માનતો હું રહું સર્વદા, એજછે નિત્યનો નીમ ધારી.
જીવતો૦ ૧

જો મરું, એ મને લાભકારી થશે, કેમ કે હું જઈ ખ્રિસ્ત પાસે,
નિત્યના જીવનો તાજ લેઈ ધરું, સંતના સંગમાં સ્વર્ગવાસે.
જીવતો૦ ૨

સેવ કીધા પછી ઘોરમાં હું પડું, તોય આનંદ છે એમ માનું;
કેમ કે ખ્રિસ્તમાં આશ મારી ઘણી, જીવ તે રાખશે એમ જાણું.
જીવતો૦ ૩

મોતનો હું નથી, ખ્રિસ્તનો છું સદા, ખ્રિસ્ત ઈસુ મને નિત્ય રાખે;
ઘોરથી ઊઠયો હું તણો દેવ જે તેજ ઊઠાડતાં જીવ દાખે.
જીવતો૦ ૪

ખ્રિસ્ત ઈસુ કહે, "હું સદા જીવતો, તો તમે જીવતા નિત્ય રહેશો;
હું રહું, તો તમે વાસ સૌ પામશો, ને સદા જીવમાં ભાગ લેશો."
જીવતો૦ ૫

## ૧૩ - ખ્રિસ્તનાં કૃત્ય.

ઝુલના વૃત્ત. પ્રભાતિયું.

રે, ઈસુએ ભૂતળે કામ સારાં કર્યાં; જો તમો વાંચતાં લેખ ખોળો. ટેક.
એ બધાં માનવી કાજ તેણે કર્યાં, માટ દુ:ખીતણાં દુ:ખ ખૂટયાં;
આંધળાં, પાંગળાં, ને ઘણા રોગીઓ ખ્રિસ્તનાં કૃત્યથી પૂર્ણ છૂટયાં.
રે ઈસુ૦ ૧

એ બધાં કામથી ત્રાણ મોટું કર્યું, તે કહું હર્ખથી છંદ જોડી;
માનવી જાતની ફાંસ જે પાપની, ઈસુએ સત્યથી સર્વ તોડી.
રે ઈસુ૦ ૨

નરકના નાથને પૂર્ણ નીચો કરી, સત્ય રાજાતણું રાજ લાવ્યો,
કે બધાં માનવી માનનારા તરે, એજ કાજે અહિં ખ્રિસ્ત આવ્યો.
રે ઈસુ૦ ૩

કોણ એવું કરે કામ આ ભૂતળે? ના મળે માનવી જાત માંહે;
ખ્રિસ્ત છે એકલો સત્ય શૂરો સદા, તે થકી વિશ્વનું ત્રાણ થાએ.
રે ઈસુ૦ ૪

ત્રાણ તો પામવા માનવી જે ચહે, તે હવે ખ્રિસ્તની પાસ આવો;
નાશમાં ન જશો, ખ્રિસ્તને સેવજો, સત્ય વિશ્વાસ સૌ આજ લાવો.
રે ઈસુ૦ ૫

"When He cometh, when He cometh."

## ૧૪ - ખરાં ઘરેણાં તે ક્યાં?

**ઝુલના વૃત્ત. પ્રભાતિયું.**

રે આવશે, આવશે, ખ્રિસ્ત ત્રાતા અહિં, તે ઘરેણાં સમેટી જવાનો;
કેમ કે તે તણા જે ખરા લોક છે, તે ઘરેણાં ઘણાં મૂલવાનો.
રે આવશે૦ ૧

પરોઢીએ જેમ તારા પ્રકાશે ઘણા, તેમ બહુ શોભશે તે ઘરેણાં;
ખ્રિસ્ત પોતાતણા તાજમાં ઘાલશે, કીમતી જે ઘરેણાં જ તેનાં.
રે આવશે૦ ૨

પૂર્ણ શોભાવશે ખ્રિસ્તના તાજને, તે ઘરેણાં સમેટી જવાનો;
એકઠાં રાખવા રાજ આકાશમાં, તે ઘરેણાં ઘણાં મૂલવાનો.
રે આવશે૦ ૩

જે થયા શુદ્ધ તો ખ્રિસ્તના રક્તથી, તેમને તે સમેટી જવાનો;
જે પ્રિય ખ્રિસ્તનાં દાસદાસી બધાં, એ ઘરેણાં ઘણાં મૂલવાનો.
રે આવશે૦ ૪

બાળકો જે બધાં, બાળકો જે બધાં, પ્રેમ ત્રાતાતણો જે કરે છે;
તે પ્રિયે ખ્રિસ્તના બાળકો છે સદા, કીમતી તે ઘરેણાં ઠરે છે.
રે આવશે૦ ૫

## ૧૫ - ખ્રિસ્તના પ્રેમનું વખાણ.

**ઝુલના વૃત્ત. પ્રભાતિયું.**

ખ્રિસ્ત ત્રાતાતણાં વાક્ય મીઠાં ઘણાં, સત્યના વેદમાં છે લખેલાં. ટેક.
સત્યના વેદમાં ખ્રિસ્ત ત્રાતા કહે, પાપનો વૈદ હું એક જાણો;
યજ્ઞ પૂરો કર્યો પાપને બાળવા, માનવી ખ્રિસ્તને ધન્ય માનો.
ખ્રિસ્ત૦ ૧

માનવી જાતને તારવા પ્રેમથી સૌખ્ય છોડી પ્રભુ ખ્રિસ્ત આવ્યો;
ખંડણી વાળવા પાપની ઈસુએ મોત પામી ખરું ત્રાણ લાવ્યો.
ખ્રિસ્ત૦ ૨

ખ્રિસ્ત ત્રાતા કહે માનવી જાતને, કષ્ટિતો, આવજો મુજ પાસે;
પાપના ભારથી પૂર્ણ છુટા થશો, હું તણા પુણ્યથી ત્રાણ થાશે.
ખ્રિસ્ત૦ ૩

ઝુંસરી હું તણી લ્યો ઘણા હર્ષથી, શિષ્ય મારા થજો લોક સંધા;
પૂર્ણ વિશ્વાસ સૌ રાખજો ભૂતળે, તો થશો સ્વર્ગમાં આશ બંદા.
ખ્રિસ્ત૦ ૪

પ્રેમ પૂરો કર્યો, ખ્રિસ્ત ત્રાતા, તમે લોકની વેદના પૂર્ણ ટાળી;
પ્રેમ પૂરો કર્યો, ખ્રિસ્ત ત્રાતા, તમે સ્વર્ગમમાં પેસવા આશ આલી.
ખ્રિસ્ત૦ ૫

પ્રેમ પૂરો કર્યો, ખ્રિસ્ત ત્રાતા, તમે ઈશ્વરી કાયદા પૂર્ણ પાળ્યા;
પ્રેમ પૂરો કર્યો, ખ્રિસ્ત ત્રાતા, તમે ડૂબતા લોકના હાથ ઝાલ્યાં.
ખ્રિસ્ત૦ ૬

પ્રેમ પૂરો કર્યો, ખ્રિસ્ત ત્રાતા, તમે સત્યનો વેદ તો હાથ આપ્યો;
તે અમે વાંચતાં ને ખરું માનતાં, જાણિયે કે તમે દોષ કાપ્યો.
ખ્રિસ્ત૦ ૭

## ૧૬ - ખ્રિસ્ત પર ભરોસો.

**વિક્રાંત.**

જો પણ ખ્રિસ્તતણા દાસો હ્યાં દુઃખ સહે છે,
તોપણ તે સ્વરધામ જઈ સત સૌખ્ય લહે છે.
જો પણ ખ્રિસ્તતણી ટોળી ધનહીન હશે જો,
તોપણ અંત વિના શુભતા પરિપૂર્ણ થશે જો. ૧

ખ્રિસ્ત હતો ભૂલોક વિખે સહેતાં અધ મારું,
એનાં ફળ મળશે માટે વિશ્વાસ વધારું.
તેહતણી હું આશ સદા ધરતાં દૃઢ રાખું,
નાશતણી સહુ બ્હીક તજી છેટે નિત નાખું. ૨

સંસારીનો લાભ મને નહિ શાંત પમાડે,
સંસારીના લાભ બધા નહિ દુઃખ મટાડે.
સત્ય ભરોસો નિત્ય કરું મન પૂર્ણપણાએ,
ખ્રિસ્તતણે હં દેશ જઊં જ્યાં ભક્ત ઘણાએ. ૩

જ્યાં લગ આ ભૂલોક વિખે હું ખ્રિસ્ત ભજું છું,
ત્યાં લગ ખ્રિસ્તતણા બળથી શુભ શસ્ત્ર સજું છું.
દુઃખ રખે મારા પર તો કૈં જોર ચલાવે,
માટે જાગૃત કેમ રહું, એ ખ્રિસ્ત બતાવે. ૪

## ૧૭ - આનંદનું કારણ.

**વિક્રાંત.**

ખ્રિસ્તતણા શુભ તારણમાં મન આજ ઉલ્લાસી;
ખ્રિસ્તતણી સત વાત મળી મનમાંય પ્રકાશી;
જે દિનથી સત વાત સુણી, પ્રભુ ખ્રિસ્તતણી તો,
તે દિનથી અમ અંતરમાં પ્રભુ પ્રીત ઘણી જો. ૧

એ સત વાત થકી મનના સહુ વહેમ ગયાં છે;
દેવતણો ઉપદેશ લહી, મન શાંત થયાં છે.
પાપતણો પરિહાર કરી, જય ખ્રિસ્ત થયો છે;
ખ્રિસ્તતણા નિવડેલતણો સહુ દોષ ગયો છે. ૨

ખ્રિસ્તતણા જ રૂધીર થકી, ખરીદેલ કરેલા,
ખ્રિસ્તતણા નિજ પુણ્યથકી નિર્દોષ થએલા.
ખ્રિસ્તતણો જયકાર થયો, નર દુષ્ટ પડયો છે;
જીત થઈ જગરાયતણી, સ્વર ધામ ચઢ્યો છે. ૩

વ્યોમ અને સહુ વિશ્વતણો પ્રભુ રાય થયો છે;
રાજ અને સરકારતણો પ્રભુ રાય રહ્યો છે.
તેહતણા અમ લોક બધા જયકાર કરીશું;
ખ્રિસ્તતણાજ પ્રતાપ થકી શિર તાજ ધરીશું. ૪

## ૧૮ - પ્રભુની ધીરજ.

**વિક્રાંત.**

હે જગ તારક, દેવ ધણી, તુજ પાય નમું છું;
ને મજ પાપ કબૂલ કરી, તુજ નામ ભજું છું. ૧
હું ગત કાળ તજી સતને ભટકયો ભવરાને;
હું ગત કાળ તજી સતને ફરતો અભિમાને. ૨

હું ગત કાળ છકેલ થઈ સત નામ ન લીધું;
હું ગત કાળ છકેલ થઈ બહુ પાપજ કીધું. ૩
તોપણ તેં અતિ રહેમ કરી મજ નાશ ન કીધો;
ને સત ન્યાય કરી મજને બદલો નહિ દીધો. ૪
જો મજ કામ કરેલ તણો ઈનસાફ કરે તું,
તો તત્કાળ પડું નરકે, નિર્દોષ ઠરે તું. ૫
હે મજ ભૂપ, દયાળ પિતા, બહુ ધીરજ તારી,
આજ હયાત રહ્યો તુજથી, જગના અધિકારી. ૬

## ૧૯ - ખ્રિસ્તી માણસનો મુખ્યાર્થ.

**વિક્રાંત.**

માનવનો મુખ્યાર્થ કહું, સહુ ચિત્ત ધરોને;
દેવતણો મહિમા કરવો, સુવિચાર કરોને.
માલક, જીવ, શરીરતણો પરમેશ્વર જાણો;
અંતિદને ઈન્સાફ કરી પૂછશે સહુ માનો. ૧
બૈબલ હાથ દીધું તમને શિખવા સત વાતો,
તો ઉપયોગ કરો જલદી, ધરજો ચિત્ત ત્યાં તો.
ઈશ્વરની મરજી તમને સતલેખ બતાવે,
એ સતલેખ દઈ તમને પ્રભુ કામ કરાવે. ૨
આ અવતાર દીધો તમને કરવા શુભ કામો,
ને બહુ દાન દીધાં તમને સુખ જે તમ પામો.
તો શીદ આળસ અંગ ધરી દિન વ્યર્થ ગુમાવો?
ઈશ્વર નામતણો મહિમા હમણાંજ કરાવો. ૩
ઈશ્વરની સત વાત થકી ગુણ જે તમ પામ્યા,
એ ગુણ લોક લહે સઘળા ગુણ જે નહિ પામ્યા.
બાળક, વૃદ્ધ, જુવાન બધાં, તમને પ્રભુ કહે છે;
શાસ્ત્રતણાં હથિયાર સજો, પ્રભુ એમ કહે છે. ૪

જે શુભ દાન મળ્યું તમને, રજ દામ વિના તે,
વાપરજો પ્રભુ ખ્રિસ્ત કહે, રજ ગોપ વિના તે.
સેવક ઈસુ ખ્રિસ્તતણા, તમને પ્રભુ કહે છે;
ઈશ્વરનો મહિમા કરવો, બહુ ઉત્તમ એ છે. ૫

## ૨૦ - "હું ઉત્તમ ઘેટાંપાળક છું."

**વિક્રાંત.** (યોહાન ૧૦;૧૪.)

જોખમમાં મજ પ્રાણ હતો, બચવા નહિ આશા;
ચોગમ તો નર ઘાતકની, ભયકારક ત્રાસા.
બૌ ગભરાટ થયો મજને, નર ઘાતક ભાળ્યો;
રૂપ ભયાનક ઘાતકનું, મજને ઝટ ઝાલ્યો. ૧
ઘાત કર્યો બહુ લોકતણો, જગમાં બહુ ફાવ્યો;
દ્વેષક તેમ જ પ્રાણતણો, ભમતો નર આવ્યો.
ઉત્તમ પાળક ખ્રિસ્ત મળ્યો, નર ઘાતક નાઠો;
તે પળથી મન શાંત થયું, સુણતાં શુભ ઘાટો. ૨
ઉત્તમ જે ભરવાડ ખરો, નિજ મેષ બચાવી;
વાઘ, વરૂ નહિ નાશ કરે, બહુ હામ ચલાવે.
ઉત્તમ જે ભરવાડ ખરો, નિજ મેષ બચાવી;
જોખમમાં નિજ પ્રાણ ધરે, નર દુષ્ટ હટાવી. ૩
ઉત્તમ પાળક ખ્રિસ્ત ખરો, બહુ પ્રેમ ભરેલો,
જોખમમાં નિજ પ્રાણ ધર્યો; જમ સાથ લડેલો.
યુદ્ધ કર્યું પરમાર્થ ધરી, પગ હાથ વિંધાયા,
પ્રેમ અપાર હતો મનમાં દુઃખ શીર ઊઠાયાં. ૪

ઘાતકનું શીર ચૂર કરી, બળ ભંગ કર્યું છે;
તો જયકાર કરો સઘળા, શુભ ત્રાણ થયું છે,
ઉત્તમ પાળક ખ્રિસ્તતણે શરણે સહુ આવો;
તો છૂટશો નર ઘાતકથી સુખ ધામ સિધાવો. ૫

## ૨૧ - ખ્રિસ્તનું આરાધન.

ભુજંગી.

અમો આવિયાં આજ સહુ ખ્રિસ્ત નામે,
અમો આવિયાં તો ઈસુને વિરામે;
અમે સેવ ત્રાતાતણી આજ કીધી,
અને દેવ દાતા તણી વાત લીધી. ૧
અમારાં બધાં પાપ તો માન્ય કીધાં,
અને ખ્રિસ્ત દેવે બધાં ભૂંસી દીધાં,
સદા શુદ્ધ આત્મા હવે ખ્રિસ્ત દેજે,
અને દર્દ સંધાં ઈસુ તુંજ લેજે. ૨
અમે જીવિયે ભૂતળે ત્યાં જ સુધી,
તમો પાસ રહેજો, દઈ શુદ્ધ બુદ્ધિ;
પછી મોતનું તેડ તો જ્યાર આવે,
અમોનેજ ત્યારે તમો પાસ લાવે. ૩
અમો તો તમોથી ખરું સૌખ્ય લઈશું,
અને સર્વકાળ તમો પાસ રહીશું;
તમો છો અમારા ખરા પાળનારા,
તમોને મૂકીને અમો નહિ જનારા. ૪

## ૨૨ - સંત સહુ એક ચિત્તે.

ભુજંગી.

કરો પ્રાર્થના સંત સહુ એક ચિત્તે, કરો સેવ ઈસુતણી શુદ્ધ રીતે;
કરો પ્રાર્થના, થાક તેમાં ન જાણો, કરી સેવ, સંદે કદી કો ન આણો. ૧
પ્રભુ તો સુણે પ્રાર્થના સૌ તમારી, વિવેકી વિખે તે કરે પ્રીત સારી;
મળે માગતાં દેવથી દાન સારું, અમે માગિયે, દેવ, દે જ્ઞાન તારું. ૨
તમો પાસ તો માગવા દાસ આવ્યા, અમોને તમોએ દયાથીજ ચાહ્યા;
અમોને ઈસુએ દીધો છે દિલાસો, અમે તો થયા ખ્રિસ્તના પૂર્ણ દાસો. ૩
અમોને હવે કોણની બીક લાગે? બધાં દુષ્ટનાં બાણ તો ખ્રિસ્ત ભાંગે,
અમે સર્વદા ખ્રિસ્તના વહાલ થૈશું, ઈસુને પ્રતાપે ખરું સૈખ્ય લૈશું. ૪

## ૨૩ - સ્તોત્ર.

ભુજંગી.

અમો જે હતા નાશમાં તો જવાના, અને દુષ્ટ શેતાન સાથે થવાના,
ઈસુ ખ્રિસ્ત, પાપીતણો તારનારો, અમારો થયો તો ખરો પાળનારો. ૧
અમારે લીધે તે આ ભૂલોક આવ્યો, અને તારવાની ખરી રીત લાવ્યો;
અમારો થયો દોષ સૌ દૂર એથી, ખરાથી થયો જીવ, જો, શાંત તેથી. ૨
અમો કાજ દેવે દયા પૂર્ણ કીધી, અને સ્વર્ગવાસોતણી આશ દીધી;
ખરા પુત્રને મોકલીને બચાવ્યા, અને શુદ્ધ ઠામો કરીને ઠરાવ્યા. ૩
થયો એ જ રીતે ઈસુ ખ્રિસ્ત ત્રાતા, થયો માનવીનો મહા હર્ખદાતા;
અમોને ભરોસો સદા, ખ્રિસ્ત, તારો, બધા તું થકી તો પળાશે કરારો. ૪

## ૨૪ - ભરોસો.

ભરોસો સદા દેવનો રાખનારા, અને સત્યના ધોરણે ચાલનારા,
સદા દેવ તો તેમની સાથ રહે છે, અને તેમની રોજ સંભાળ લે છે. ૧
કદી સંતને દ્વેષકો જો સતાવે, ધરે ઢાલ સારી યહોવાહ બચાવે;
હશે દ્વેષકો સંતથી જો વધારે, યહોવા નકી તહિં બચાવા પધારે. ૨
ઘણા સંત સારા ગયા બંધનોમાં, ઘણા સંત સારા પડ્યા રૂદનોમાં;
જઈ દેવ ત્યાં સંતનાં બંધ છોડ્યાં, જઈ દેવ ત્યાં સંતનાં દુઃખ તોડ્યાં. ૩
હતા તે બધા સંત બહુ પ્રાર્થવાદી, યહોવા હતો સંત સાથે અનાદી;
ભરોસો યહોવા તણો જે કરે છે, યહોવા થકી સંત અંતે તરે છે. ૪

## ૨૫ - લગ્ન વખતે ગાવાનું ગીત.

ભુજંગી.

રચી દેવ તેં દૂનિયા ખૂબ સારી,
નિહાળી વખાણું તને વારવારી.
કર્યું માનવી, દેવ, તેં ધૂળમાંથી,
ધર્યો શ્વાસ પોતાતણો મુખમાંથી. ૧

બધી ચીજથી માનવી શ્રેષ્ઠ કીધું,
અને આત્મા, જ્ઞાન, વિવેક દીધું;
ન'તી પાસ બેલું, લીધું માંસ તેનું,
કરી નાર આપી, 'હવા' નામ એનું. ૨

નિહાળી પછી આદમે આંખ ધારી,
ભલા માંસ મારું થઈ મુજ નારી.
થયા તે બન્નેના વિવાહ દેવ હાથે,
સુખી બહુ થયાં દેવથી સર્વ વાતે. ૩

વિવાહ જે કરે શાસ્ત્રની રીત જાણી,
રહે દેવની તે ઘરે મહેરબાની.
સુખી જો થવા ધારશો લગ્નવાદી,
રહો પ્રેમમાં તો થશે દૂર વ્યાધી. ૪

ખરા દિલથી દેવનો પ્રેમ રાખો,
અને એક બીજાતણું હીત તાકો.
અને વહુ ધણીને ખરું માન દેવું,
કરારો પ્રમાણે કહ્યામાં જ રહેવું. ૫

ધણી એમ વહુનો ખરો પ્રેમ રાખે,
અને અંગ પોતાતણું એમ તાકે.
નહી દ્વેષ પોતાતણો કો ન કીધો,
ઈસુ મંડળી કારણે જીવ દીધો. ૬

બધાં આપણે ખ્રિસ્તનાં અંગ જાણો,
અને શીર તે આપણો ઈષ્ટ માનો.
મૂકી માનવી માત ને તાત કોરે,
વહુ સાથ રહેશે લગી જાય ઘોરે. ૭

ઈસુ મંડળીનું ખરું શિર જાણો;
વહુઓ, તમારા ધણી શિર માનો.
હવે ઔં તમે જે કરો છો કરારો,
સદા પાળવા, કોલ આપો તમારો. ૮

યહોવા અને મંડળી સાક્ષ જાણી,
કરારો તમે પાળશો એમ માની,
યહોવા, હવે આપ આશિષ તારો,
અને સેવકોનો થજે પાળનારો. ૯

સુકાળે દુકાળે દિલાસોજ દેજે,
સદા એમને ઘેર તું વાસ લેજે,
વિનંતી પિતા માનજો ખ્રિસ્ત નામે,
સદા કાળ આમેન આમેન જામે. ૧૦

## ૨૬ - નોતરું.

ભુજંગી.

બિમારી અમારી ગઈ ખ્રિસ્તનાથી;
મળ્યો છૂટકારો મહા તાપમાંથી.
ઝરો ખ્રિસ્ત છે, જીવતું નીર વહે છે,
પીધાથી બિમારી સદા દૂર રહે છે. ૧

નથી આવતું દામ તેનું લીધામાં,
દયાથી મળે, પાપિયો, લ્યો પીધામાં.
બિમારી અમારી ગઈ તે પીધાથી,
નિરોગી અમે સૌ થયાં એ કીધાથી. ૨

વૃથા જે ઉપાયો બધા દૂર નાખો;
નિરોગી થવા જીવતું નીર ચાખો.
મટે તૃષ્ણા એ પીધાથી તમારી;
વિનંતી તમોને ઘણી છે અમારી. ૩

વિચારો હૃદે, કહેણ માનો અમારું,
ભલું તો થશે ખ્રિસ્તથી બહુ તમારું.
તમારા જીવો છે વિના નીર સૂકા,
તમારા જીવો છે વિના ભક્ષ ભૂખા. ૪

ઈસુ ખ્રિસ્ત છે એકલો તારનારો,
ઈસુથી મળે પાપીને છુટકારો.
વસીલો થયો માનવીનો દયાથી;
મળે છૂટકારો સન્નીધે ગયાથી. ૫

## ૨૭ - જગિક દુઃખ ને સ્વર્ગિક સુખ.

ભુજંગી.

નથી સુખ સંસારમાં દુઃખ ભારે; હશે શેષ તે ઝાંઝવાં નિરધારે,
મહા સાગરે આપણું વહાણ ચાલે; તુફાનો પડે દિલમાં બીક ઘાલે. ૧
દિશા ચાર જુઓ બધે છેજ મોજાં; બધાં માનવીને શિરે દુઃખ બોજા;
અજાણ્યા, નથી ભોમિયા વાટ વિષે; રખે વહાણ ભાગે ડૂબે એમ દીસે. ૨
વળી બંદરે કૈ ઘડી પહોંચવાના? અને દુઃખ હૈયાતણું વામવાના?
ટૂંકી દૃષ્ટિ છે, જ્ઞાનમાં બહુ અધૂરા; ઉપાયો નથી આપણી પાસ પૂરા. ૩
ઘણા પ્હોંચીયા બંદરે ખ્રિસ્ત પાસે; પિતા દેવ પાસે રહે સૌખ્ય વાસે,
લઈને ગયો આપણો તારનારો; હતો ભોમિયો પાર પહોંચાડનારો. ૪
નહી ડૂબવાના ઈસુથી બચીશું; ખરા ઠામમાં તો જઈને વસીશું;
તજી પાપ દુઃખો સજીવા થઈને, અને મોતનો ડંખ નાખી દઈને. ૫
નદી મોતની પાર તે ક્યાર જૈયે? કરોને તૈયારી ઈસુ સાથ થૈયે;
ખરીદી લીધા લોહીથી જો અમોને, પડે દુઃખ તે ધીરથી સૌ દમોને. ૬
વિતી રાત જાશે, કરોને વિનંતી; અને ત્રાણ કાજે થજો નિત્ય ખંતી,
પડે આંસુઓ દુઃખથી જો વધારે; બધાં લૂછશે ખ્રિસ્ત ભેટેજ ત્યારે. ૭
સદા ઊંચકો ખ્રિસ્તનો થંભ માથે; ખરા ધૈર્યવાનો થજો સર્વ વાતે,
પ્રવાસી બધા આપણે, ભ્રાત મારા; મૂકી ઐં બધું દેવ પાસે જનારા. ૮

## ૨૮ -ઈસુની શીખવેલી પ્રાર્થના.

ભુજંગી.

અમારા પિતા ઈશ આકાશવાસી, સદા નામ તારું મનાજો પ્રકાશી,
વળી રાજ તારું અહિં તો થપાએ, અને જેમ આકાશમાં તેમ થાએ. ૧
સદા રાજ આ ભૂતળે આપ થાપો, અને રોટલી રોજની આજ આપો,
અમારા ઋણીને અમે માફ દૈયે, સદા એમ તુંથી અમે માફ લૈયે. ૨
પરીક્ષાતણા હાલમાં નૈજ નાખો, અને કષ્ટથી છોડવી દેવ રાખો,
સદા રાજ, સામર્થ્ય, ને માન તારાં, તને સ્તુત્ય આમેન પહોંચે અમારાં. ૩

## ૨૯ - વર્ષની સમાપ્તિ તથા શરૂઆત વિષે.

ચોપાઈ.

વર્ષ હવે આ પૂરું થાય, જીવન જોતાં જોતાં જાય,
તે ઉપરથી લઈએ બોધ, વર્ષ નવામાં સતની શોધ.
ઈશ્વરનો માનો આભાર, આખું વર્ષ થયો આધાર,
વેળા વેળે આપ્યું અન્ન, તૃપ્ત કર્યું છે સહુનું મન. ૧

આત્માને પણ આત્મિક અન્ન, સૌ કરતાં એ અદકું ધન,
જે કંઈ આફત આવી શિર ખાળીને બહુ આપી ધીર.
અગણિત ઈશ્વરના ઉપકાર કીધા તેણે વારંવાર,
તે સંભારી તેને કાજ જીવન અર્પો તેને આજ. ૨

વર્ષો વીતી કેવાં જાય, આયુષ્ય સહુનું ઓછું થાય,
નાનાં, મોટાં ઘરડાં થાય, મરણતણે સહુ કાંઠે જાય,
જીવન ધુંવર જેવું જાણ, તાપ પડે કે નહિ એંધાણ,
સહુનું જીવન જગમાં શેષ, માનો ઈશ્વરનો ઉપદેશ. ૩

વર્ષ નવું જે બેસે કાલ તેમાં ઈશ્વર અમને પાળ,
ઈસુની જે રૂડી ચાલ તેમાં સહુનાં પગલાં વાળ.
પહોળો રસ્તો તજવા નિત પાપવિકારો પર દે જીત,
જીવનનો જે રસ્તો તંગ નિત્ય નિભાવવા રહેજે સંગ. ૪

## ૩૦ - દેવથી ભક્તોનો જય.

**એકાદશી.**

દેવ છે આસરો સંતનો રોજ, તો પછી શું કરે દુષ્ટની ફોજ?
ત્રાસ પામી જશે સંતથી દૂર, સંતની ફોજમાં ખ્રિસ્ત છે શૂર. ૧
હોય જોદ્ધા ઘણા જોરમાં પૂર, તોય પાછા પડે સંતથી દૂર,
"એલિયા સામણે રૂઠિયો રાય, જીવથી મારવા ફોજ ત્યાં ધાય; ૨
દેવનો આસરો એલિયા પાસ, રાયના દાસકો પામિયા નાશ."
એ વિના દાખલા શાસ્ત્રમાં વાંચ, આગથી, સિંહથી ના થઈ આંચ. ૩
ભક્તનો પક્ષ ધરે પ્રભુ નિત, તે વડે ભક્તની સર્વદા જીત;
તો પછી ભક્તને કોણની બીક? દેવ છે આસરો તો બધું ઠીક. ૪

## ૩૧ - ખરો આસરો.

**નારાચ.**

સુનાથ ખ્રિસ્તની સદા અખંડ સેવના કરું,
બધો દુરાસરો તજી ખરોજ આસરો ધરું;
નમી રહીશ ભૂતળે મહા સમર્થ નામથી,
સુસેવ સર્વદા કરું તજે ન ખ્રિસ્ત ધામથી. ૧
પવિત્ર વેદ ધોરણે જઉં પવિત્ર પંથમાં,
કુપાત્ર સંગ મૂકતાં ભળું સુભાગ્ય સંતમાં;

સુભક્ત સાથ વર્તતાં ભજું મહાન દેવને,
દિને દિને, નવે બળે ધરું બધી સુટેવને. ૨
સહાય ખ્રિસ્તની સદા લઉં બધાં સુકામમાં,
શુભાર્થ એમ સહુ સરે ખરા નિરાંત ઠામમાં;
સુનીમ નિત્ય રાખતાં કરું પ્રયત્ન હાથના,
સહાય નિત્ય પામતાં કરું વખાણ નાથનાં. ૩
દયાળુ ખ્રિસ્ત દેવ, તું સદા સુદાસ પાસ રહે,
મનાવ સત્ય, આપ તું નિભાવતાં શુભાસ રહે;
અનાથની વિનંતીને, સમર્થ દેવ, માનજે,
અનાથ કાજ ત્રાણ દે, સુમાર્ગમાં જ આણજે. ૪

## ૩૨ - ઉદ્ધાર.

**નારાચ.**

મનુષ્ય નાશ પાપથી સમૂળ સૌખ્ય સહુ ગયું,
અથાક દુઃખ ભૂતળે મનુષ્યજાતને થયું;
મનુષ્ય સર્વ દેવની વિરુદ્ધ પાપ તો કર્યું,
ગુમાવતાં સુસ્વર્ગનું વિનાશ જોગ સહુ રહ્યું. ૧
કૃપા પછી કરી ઘણી દયાળુ દેવ ઈશ્વરે,
લહી ઉપાય ત્રાણનો ડૂબેલ માનવી તરે.
સપૂત પુત્ર ખ્રિસ્ત તો ડૂબેલ પાસ આવિયો,
ડૂબેલને જ તારતાં અનંત લાભ લાવિયો. ૨
મનુષ્યમાં મનુષ્ય થૈ અશેષ કોપ ટાળિયો,
અમૂલ્ય જીવ અર્પતાં ઉદ્ધાર સર્વ વાળિયો;
સહાય ખ્રિસ્તની ઘણી અમો અનાથ જાતને,
અમે હતા વિનાશમાં બચાવિયા અનાથને. ૩

હવે અનાથનો ધણી મહાન ખ્રિસ્ત તો ગયો,
અમો અનાથ સર્વનો બધોજ દોષ તો ગયો;
હવે નિભાવ, ખ્રિસ્ત, તું અમો કનિષ્ટ જાતને,
રહી અમારી સાથ તું મનાવ સત્ય વાતને. ૪

## ૩૩ - ખ્રિસ્તમાં રહેવાથી લાભ.

નારાચ.

અપાર લાભ ખ્રિસ્તથી સદાય ખ્રિસ્તમાં રહે,
વિજોગ દેહનો થતાં અનંત લાભ તે લહે;
સદા સુચાલ ખ્રિસ્તની ધરો બધાં સુકામમાં,
અનંત લાભ પામશો અપાર ઊંચ ધામમાં. ૧
ઊડે સુગંધ વાસના ગુલાબ છોડની સદા,
સદા સુભક્ત દેવના થજો સુચાલમાં બધાં;
કુવાસના તજી બધી સદાય શુદ્ધતા ધરો,
થશે નહી દંડાજ્ઞા, કલ્યાણ જીવનું કરો. ૨
પ્રકાશ સૂર્યનો પડે, તિમિર દૂર જાય છે,
સુચાલ એ પ્રકાશ છે; પવિત્રતા મનાય છે;
અનાજ લૂણથી બધાં સુસ્વાદથી ખવાય છે,
પવિત્ર લોક લૂણ છે, સુધારનાર થાય છે. ૩
વસેલ ગામ ડુંગરે, છુપી કદી ન તે રહે,
નિશાણીરૂપ વાત છે, મહાન ખ્રિસ્ત એ કહે;
ધરો સુચાલ કામમાં બધાય લોક જાણશે,
પવિત્ર લોક એ ખરા ખચીત સર્વ માનશે. ૪
વળી વખાણ ખ્રિસ્તનાં કરી અચંબ બોલશે,
વિચાર દિલ લાવતાં અસત્ય સત્ય તોળશે;
પછી બચાવ પામવા સન્નિધ ખ્રિસ્તની જશે,
ઘણો ઉલ્લાસ સ્વર્ગના અસંખ્ય દૂતમાં થશે. ૫

## ૩૪ - ધૂળ સહુ થશે.

લલિત.

ધૂળ તો થશે દેહ આપણી, ટકે કદા ન દેહ બાળ, પ્રૌઢની;
ફૂલ તો ખરે સૂર્ય તાપથી, મનુષ્ય એજ હાલ પાપ શ્રાપથી. ૧
ધૂળનાં બન્યાં ધૂળમાં જશે, દરિદ્ર કે ધનાળ ધૂળ સહુ થશે;
હંસ તો જશે દેહ છોડતાં, પડી રહે શરીર ધૂળ ઓઢતાં. ૨
મોત પાસ છે, આવશે ખરે; કરો ઉપાય આજ, ત્રાણ કો કરે;
ત્રાણ તો થશે, ખ્રિસ્તને ભજો; ખરો થશે બચાવ, ખ્રિસ્તને સજો. ૩
બીક મોતની કોણને ઘણી? કરો વિચાર આજ જિંદગી ભણી,
ખ્રિસ્ત સાહ્ય છે, દાસ એ કહે; નથી જરાય બીક, મોત ક્યાં રહે? ૪

## ૩૫ - પ્રાર્થના.

લલિત.

ખ્રિસ્ત, તું તણે પાય લાગીએ, અપાર દોષ કાજ માફ માગીએ;
નામ વંદિયે તું તણું અમે, કૃપા કરો સદાય, દેવ, આ સમે. ૧
પાપ માનીએ, ખ્રિસ્ત, સહુ અમે, કૃપા કરો સદાય, દેવ, આ સમે;
માન્ય તો કરો પ્રાર્થના તમે, કૃપા કરો સદાય, દેવ, આ સમે. ૨
પ્રાર્થના કરી, દીન થૈ અમે, કૃપા કરો સદાય, દેવ, આ સમે;
શુદ્ધ આતમા આપજો તમે, કૃપા કરો સદાય, દેવ, આ સમે. ૩
પાપ જે કર્યાં ભૂતળે અમે, કૃપા કરી બધાંય ભૂસજો તમે;
પાપ બહુ કર્યાં ભૂલમાં અમે, થયાં જ દંડ જોગ માનવી અમે. ૪
ખ્રિસ્ત રાય રે, તું થકી બચ્યા, કૃપા કરી અપાર જીવતા રહ્યા;
ખ્રિસ્ત નાથનાં સ્તોત્ર સહુ કરો, અખંડ ત્રાણ આશ ખ્રિસ્તમાં ધરો. ૫

## ૩૬ - શોક.

લલિત.

મોત બારણે ખ્રિસ્ત રે ગયો, અનાથ લોક કાજ નાથ તે થયો;
સંત સાથ તે બાગમાં ગયો, પિતાતણો ઠરાવ પૂર્ણ તો થયો. ૧
દોષ ન હતો, બંધને ગયો, અથાગ દુ:ખમાંય ખ્રિસ્ત રે રહ્યા;
થંભ સાથ તો ખ્રિસ્તને જડયો, અમો મનુષ્ય કાજ દંડ તો સહ્યો. ૨
મોત પાડિયું, જીત મેળવી, મનુષ્ય દેવ સાથ પ્રીત મેળવી;
દુ:ખ થાય રે દિલમાં અતિ, સહ્યો અપાર ભાર માનવી વતી. ૩
લોહી પાડિયું કૂખ વીંધતાં, થયા અમો મરેલ પૂર્ણ જીવતાં;
પ્રાર્થ સર્વદા ખ્રિસ્તની કરો, કરો ઘણાં વખાણ, ધ્યાન સહુ ધરો. ૪

## ૩૭ - પ્રાર્થના.

લલિત.

ખ્રિસ્ત દેવ, તું મંડળી મધે સદા થજે સહાય, ભાવ બહુ વધે;
મંડળી મળી આ સમે ઘણી, થજે સમીપ નાથ દાસની ભણી. ૧
બોધ જે થશે તુંજ નામનો, ઠસાવ દિલમાંય, થાય કામનો;
માન્ય રાખજે સેવ એ બધી, ધરી રહ્યા સુઆશ, ત્યાગ નહિ કદી. ૨
પ્રેમ ભાવથી કિર્તનો કર્યાં, કર્યાં વખાણ આજ ઘૂંટણે નમ્યા;
દુષ્ટ ના હરે, બોધ તું તણો રહે સદા ફલીત અંતરે ઘણો. ૩
માગીએ બધું ખ્રિસ્ત નામથી, ક્ષમા કરો અન્યાય, દેવ, આજથી;
બાપ, પુત્રને આત્મા મળી, મનાય એક દેવ, સ્તુત્ય હો વળી. ૪

## ૩૮ - તારણ.

માદરી.

ત્રાણ કોણથી મળે?
પાપ, શ્રાપ હુંતણાં બધાંય કોણથી બળે?
શાંતિ કોણથી વળે?
પાપ કોણથી ટળે?
મોતકાળ સ્વર્ગમાં પ્રવેશ કોણથી મળે? ૧
ત્રાણ ખ્રિસ્તથી મળે?
પાપ, શ્રાપ તુંતણાં બધાંય ખ્રિસ્તથી ટળે;
શાંતિ જીવને વળે;
પાપ વેદના ટળે;
મોતઘાટ વિતતાં પ્રવેશ સ્વર્ગમાં મળે. ૨
ખ્રિસ્ત ભાવ રાખજે,
દુષ્ટ ભાવ, દુષ્ટ દાવ નિત્ય દૂર નાખજે;
ખ્રિસ્ત માન તાકજે,
ખ્રિસ્ત વાત ભાખજે,
તોજ ખ્રિસ્ત તારશે, અનંત લાભ ચાખજે. ૩

## ૩૯ - કેવળ ખ્રિસ્તથી શુદ્ધતા.

માદરી.

ખ્રિસ્ત જીવતો ઝરો,
પાપથી અશુદ્ધ જે બધાંય સ્નાન ત્યાં કરો;
ખ્રિસ્ત તીર્થ છે ખરો.
તે વડે તમે તરો;
એજ તીર્થ જો કરો, કદી ન પાપમાં મરો. ૧

પાપ જો ઘણાં હશે,
શ્વેત ઉન પેઠ ખ્રિસ્ત તીર્થ સ્નાનથી થશે;
દેવ રાજમાં જશે,
શુદ્ધ લોકમાં વસે;
જે રહે અશુદ્ધ તે કદી ન સ્વર્ગમાં જશે. ૨
ખ્રિસ્તથી પવિત્રતા,
અન્ય નામ, કામ, ઠામથી સદા અશુદ્ધતા;
ને બધાય દેવતા,
સર્વમાં મલિનતા;
તીર્થ શુદ્ધ જે મનાય ત્યાં ઘણી અશુદ્ધતા. ૩
દેવમાં પવિત્રતા,
લેશ ભાર દેવમાં મળે ન કંઈ અશુદ્ધતા;
દૂતના ઘણા જથા,
તેહમાં પવિત્રતા;
દેવ રાજમાં પવિત્ર લોકનો મિલાપ ત્યાં. ૪

## ૪૦ - ખ્રિસ્તને લીધે લાજ વૃથા ગણવી.

માદરી.

ખ્રિસ્ત માન તાકજે,
લાજ લોકની ધરી કદી ન બીક રાખજે;
પીઠ પૂઠ નાખજે,
વીર પેઠ સાંખજે,
એ જ નિમ રાખતાં સદાય સત્ય ભાખજે. ૧
ખ્રિસ્ત આ જગે હતો,
લાજ લોકની ઘણી અરે ઈસુ સહી જતો;
દુષ્ટ મૂક્તા બટ્ટો,

તોય સત્ય વાવતો,
ગામ, ઘેર, દેવળે જઈ સુબોધ આપતો. ૨
પૂર્વ કાળના ઘણા
સેવકો સહી ગયા અપાર લાજ, વેદના;
ખ્રિસ્ત રાજ નામના,
વીર તેહ કામના,
રાજ, તાજ પહેરતાં થયા અનંત ધામના. ૩
લાજને વૃથા ગણી
ધીર ભાવ રાખજે સદાય ખ્રિસ્તની ભણી;
આણ પાળ તે તણી,
તે જ તું તણો ધણી;
તો મળે તને ઈનામ ખ્રિસ્તથી શિરોમણી. ૪

## ૪૧ - ખ્રિસ્તની પ્રજાનો ધર્મ.

**માદરી.**

ખ્રિસ્તની બધી પ્રજા,
ખ્રિસ્ત રાજ નામની સદાય ઊંચકો ધજા;
ખ્રિસ્ત રાજમાં મઝા,
ખ્રિસ્તમાં નહિ લજ્જા,
ખ્રિસ્ત ઈષ્ટ છે, ભજો પવિત્ર દેવની પ્રજા. ૧
દૂત ખ્રિસ્તને નમે,
સામણે રહે ઊભા, પવિત્ર દેવને ગમે;
ખ્રિસ્તની પ્રજા અમે,
ખ્રિસ્તને સદા નમે,
ખ્રિસ્તને નકારિયે ખચીત નાશમાં અમે. ૨

ખ્રિસ્ત દેવરૂપ છે,
માનજોગ ખ્રિસ્ત છે, સિવાય તે ન ભૂપ છે;
ખ્રિસ્ત તો અનૂપ છે,
ભક્ત ભાવ ધૂપ છે,
દેવરાજ ગૌરવે ભરેલ ખ્રિસ્ત ખૂબ છે. ૩
ખ્રિસ્ત નેમ પાળીએ,
ખ્રિસ્તથી વિરોધ નેમ તે કદી ન ઝાલીએ;
ખ્રિસ્તને નિહાળીએ,
ખ્રિસ્ત સાથ ચાલીએ,
એમ જીંદગી બધી અમો હમેશ ગાળીએ. ૪
તો અમે પ્રજા ખરી,
ખ્રિસ્ત છે અમો મધે પ્રમાણ ચાલનું ધરી;
લોકમાં હરી ફરી,
કામ ખ્રિસ્તનું કરી,
તો પસંદ દેવને રિઝાય ખ્રિસ્ત ઉપરી. ૫

## ૪૨ - સેવ કરો પ્રભુ ખ્રિસ્તતણી.

**વિશેષક.**

સેવ કરો પ્રભુ દેવતણી, સહુ સેવ કરો;
સેવ કરો, સહુ સંત તમો, નહિ થાક ધરો.
ખ્રિસ્તતણી સત સેવ કરો બહુ હર્ખ થકી;
સેવ કરો, પ્રભુ રહેજ સદા તમ પાસ નકી. ૧
પ્રૌઢ તથા સહુ બાલ્ય તમો, શુભ સેવ કરો;
ભાવથકી સત સેવતણો, દઢ પંથ ધરો.
માન્ય કરે પ્રભુ સેવ સદા, અતિ હેતથકી;
સેવકનું પ્રભુ ત્રાણ કરે પરિપૂર્ણ નકી. ૨

સેવક પૂર્ણ પસંદ થશે પ્રભુ પાસ સદા;
પાપતણો પરિહાર થયે અઘ દૂર બધાં.
માન્ય કરે સત સેવ સદા, પ્રભુ માન્ય કરે;
ભૂલ અને સહુ ચૂક ખમી અઘ દૂર ધરે. ૩
ખ્રિસ્ત કહે, મજ સેવ વિખે બહુ હામ ધરો;
સેવ કરી મજ સાહ્ય થકી ભવ પાર તરો.
આપતણી, પ્રભુ, વાત બધી અતિ શુદ્ધ ખરી;
એ સત વાત ધરી ભજિયે પરમાર્થ કરી. ૪

## ૪૩ - ખ્રિસ્તની શાંતિ.

**વિશેષક.**

શાંત થયું મન ખ્રિસ્તથકી, શુભ ત્રાણ થયું;
બીક મટી નર દુષ્ટતણી અઘ પાપ ગયું.
જે દિનથી પ્રભુ દેવતણી સત વાત મળી,
તે સત વાતતણા બળથી મજ ભ્રાંત ટળી. ૧
દુષ્ટ વિચાર ગયા મનથી સહુ ખ્રિસ્તથકી;
શુદ્ધ વિચાર થયા મનમાં પ્રભુથીજ નકી.
દાસ કરો, પ્રભુ દેવ, મને, સત બોધ દઈ,
જીવનના મજ દિવસમાં પ્રભુ પાસ રહી. ૨
દાસ કને, પ્રભુ, આપ થજો, નર દુષ્ટ હઠે;
માટ સદા પ્રભુ પાસ રહો વીર શુદ્ધ પઠે.
દાસ કને, પ્રભુ, આપ હશો, રજ બીક નથી;
કારણ કે જગ વિશ્વતણા, પ્રભુ, આપ પતિ. ૩

## ૪૪ - લઘુબોધ.

વિશેષક.

સેવ કરો પ્રભુ દેવતણી, સહુ સંત તમો;
સેવ કરો વિશ્વાસથકી, પ્રભુ પાય નમો. ૧
ત્રાણ થયું તમ સર્વતણું પ્રભુ ખ્રિસ્ત થકી;
પાપતણો પરિહાર થયો, અઘ દૂર નકી. ૨
દાસ નહિ તમ ખ્રિસ્તતણા, પણ મિત્ર થયા;
એ હક ખ્રિસ્ત દઈ તમને સ્વર ધામ ગયા. ૩
પ્રેમ ઘણો જગ તારકનો, હદ પાર નહિ;
પ્રેમ અમૂલ અખંડ ખરો તમ કાજ સહી. ૪
પ્રીત કરો જગ તારકની, સહુ સંત, ઘણી;
પ્રીત કરો સહુ ઢોંગ વિના પ્રભુ ઈશતણી. ૫
જીવ ટકે લગ ખ્રિસ્તતણો મહિમા જ કરો;
મોત પછી મળશે બદલો દઢ આશ ધરો. ૬
કામ કરો જગ તારકનાં મન હામ ધરી;
જોર અને ધન, જ્ઞાન વડે સહુ દેશ ફરી. ૭

## ૪૫ - સત્યવેદ શું કહે છે?

તોટક.

સત વેદ કહે, નહિ પાપ કરો, સત ચાલ વિખે દઢ પંથ ધરો;
બહુ દોષ વધે બદ ચાલથકી, નરનાયક થાય જ પૂર્ણ નકી. ૧
નર પાપ કરી નરકે જ પડે, બહુ દુઃખ પડે સહુ કાળ રડે;
સતવેદ કહે, નહિ ખૂન કરો, જગ માલકથી સહુ લોક ડરો. ૨
સતવેદ કહે, નહિ મૂર્તિ ભજો, જડ મુરતને તમ લોક તજો ;
સતવેદ કહે, નર નાર સુણો, તમ પાપ ઘણાં શિર છે જ ઋણો. ૩

સતવેદ કહે, દૂર કોણ કરે? ભવ સાગરમાં અઘ કોણ હરે?
સતવેદ કહે, વીર ખ્રિસ્ત ખરો, સત ખ્રિસ્તથકી ભવ પાર તરો. ૪
સતવેદ કહે, વીર ખ્રિસ્ત ખરો, સત પંથ ભણી નર નાર ફરો;
ભવ પાર તરી નર નાર ગયાં, સત ખ્રિસ્તથકી અઘ દૂર થયાં. ૫

## ૪૬ - વિશ્વાસની દૃઢતા.

**તોટક.**

ધન રે ધન ખ્રિસ્ત તનેજ ભજું, તુજ નામ તણાં શુભ શસ્ત્ર સજું;
શુભ સેવ કરું, જગ લાજ તજું, જગતારક નામ સદાય ભજું. ૧
જગ લોકતણોજ ધિક્કાર સહું, પણ તારકને વળગીજ રહું;
ઉપહાસ કદા જગલોક કરે, પણ તારકમાં મજ જીવ ઠરે. ૨
જગલોક કદા મજ ઘાત કરે, પણ હંસ સદા સ્વર આશ ધરે;
જગમાં મજ મિત્ર નથીજ કદા, મજ તારક મિત્ર ખરોજ સદા. ૩
જગમાં મજ સાહ્યક કો ન હશે, પણ તારક સાહ્ય સદાજ થશે;
મજ પાય ધરું સત મારગમાં, જયકાર કરું જગ તારકમાં. ૪

## ૪૭ - લઘુબોધ

**તોટક.**

ભજ રે જન તું જગ તારકને, તજ રે જન તું નરનાયકને;
જગ ઈશ કહે મજને ભજ રે, જગ ઈશ કહે જગને તજ રે. ૧
બહુ દીન થઈ પ્રભુને નમ રે, સહુ સંકટ તું થિર થઈ ખમ રે;
જગ લાલચમાં લપટી ન જજે, જગ લાલચથી નિત દૂર થજે. ૨
જગ લાલચ છે નરનાયકની, જગ લાલચ છે દુઃખદાયકની;
જગ લાલચ લઈ નરકે જ જશે, દુઃખ સાગરમાં નિત વાસ થશે. ૩

બળ માગ જઈ પ્રભુ પાસ ઘણું, બળ ભંગ થશે જગ લાલચનું;
જગ તારક છે બળવાન ઘણો, ધર ભાવ સદા તુજ ઈશતણો. ૪

## ૪૮ - પ્રાર્થના.

તોટક.

સુણ પ્રાર્થ, પ્રભુ, તુજ દાસતણી, મજ ઉપર રાખ કૃપાજ ઘણી. ૧
મજ પાપ બધાં હર પ્રેમથકી, મજ અંતરમાં ભર જ્ઞાન નકી. ૨
મજ અંતર તો વટળી જ ગયું, મજ અંતરમાં બહુ પાપ રહ્યું. ૩
મજ ઉપર, હે પ્રભુ, રાખ દયા, તુજ આગળ મેં સહુ પાપ કહ્યાં. ૪
કર માફ, પ્રભુ, મજ પાપ બધાં, જગ તારક ખ્રિસ્ત તજું ન કદા. ૫

## ૪૯ - પાપરૂપી કાંટો

પાપતણા જે કાંટા મનમાં, કાઢે ઈસુ નાથ.
સુખશાંતિનાં વચનો વાવે, શુભ ફળ આવે હાથ. ટેક
પાપ પ્રવેશ થયાથી માનવ, દુઃખમાં છે ડૂબેલ.
પાપતણાં બી કડવાં મનમાં, સહુમાં છે ઉગેલ. પાપ. ૧
સઘળાં માનવ જે જગમાં છે, પાપથકી ભરપૂર;
ઈસુ વિના પાપને કાઢે, ક્યાં છે એવો શૂર? પાપ. ૨
પાપી જગમાં ઈસુ આવ્યો, કરવાને ઉદ્ધાર;
બહુ બહુ દુઃખો વેઠ્યાં તેણે, જીવ્યો જગમોઝાર. પાપ. ૩
કંટક મુગટ માથે લીધો, સોટાનો બહુ માર;
પાપીનો તે બદલો થઈને, કીધો છે ઉદ્ધાર. પાપ. ૪
થંભે તેને જકડી દીધો, ચોરોની સંઘાત;
કચડાયો, વિંધાયો ત્રાતા, કેવો પ્રેમી નાથ! પાપ. ૫

બાળક, વૃદ્ધ, જુવાન બધાંનો, ઈસુથી ઉદ્ધાર;
પાપતણો પસ્તાવો કરતાં આવો, નર ને નાર. પાપ. ૬

## ૫૦ - પ્રાર્થના

**માદરી છંદ**

મંદ મંડળી પડી,
દેવ, આગ દે જરૂર, ફૂંક લાવ આ ઘડી.
યાચના કરું રડી,
પ્રાર્થના કરું પડી,
શ્વાસ ચાલતો કરો, અનેક દુષ્ટતા નડી. ૧

દે જરૂર તાજગી,
પાપ માન્ય મંડળી કરે, પ્રસિદ્ધ, ખાનગી,
લે જરૂર માંદગી,
દે અખૂટ તાજગી,
ખ્રિસ્ત રક્ત મૂલ્યવાન, છાંટ જાય માંદગી. ૨

તું બચાવ પાપથી,
તું વિના બચાવનો, નથી ઈલાજ જાતથી.
તું ઉદાર હાથથી,
દે કૃપા અમાપથી,
તાજગી પમાડજે, સુનાથના પ્રતાપથી. ૩

શાંતિ હર્ષ આપજે,
ખ્રિસ્ત વાક્ય ઉરમાં, પ્રકાશરૂપ છાપજે,
પાપ મૂળ કાપજે,
ખ્રિસ્ત રાજ્ય થાપજે,
સૌખ્ય જે ગયું બધું, ફરી, કૃપાળ, આપજે. ૪

મંડળી નવી કરો,
એબ કરચલી વિના, સમીપ સર્વદા ધરો;
શુદ્ધતા હૃદે ભરો,
જીવતી નરી કરો,
દીન દાસ વિનવે નિરાશ વેગળી ધરો. ૫
શું કૃપાળુ તું નથી?
મંદરોષ થા હવે, સુધાર મંડળી ગતિ;
થાય જોર પામતી,
પૂર્ણ ખ્રિસ્તમાં થતી,
સત્ય સ્થંભ, દેવસ્થાન, થાય નિત્ય દીપતી, ૬
(૧૯૨૨)



3BGR2

-: મુદ્રક :-
સ્ક્રીનડોટ પ્રિન્ટર્સ અમદાવાદ - ૧. ફોન : ૫૬૨૩૭૬૧